Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૭ · તા. ૨૫ એપ્રિલ થી ૧ મે ૨૦૧૫ · વાર્ષિક લવાજમ રૂા. ૫૦ · Regn. No. MCE/53/2015-17

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન – ગાંધીધામ

### દ્વારા આયોજીત તા. ૧૨-૪-૨૦૧૫ ના રોજ કાર્યક્રમની તસ્વીરી ઝલક...



દિપ પ્રાગટ્ય કરતા મહાજન પ્રમુખશ્રી પ્રદીપ ખોના
તથા જ્ઞાતિ અગ્રણીઓ



નવનિમાયેલ પ્રમુખશ્રી પ્રદીપ ખોના ને ખેસ પહોરાવતા
તત્કાલીન પ્રમુખશ્રી મિતેશ ધરમશી



પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા
તત્કાલીન પ્રમુખશ્રી મિતેશ ધરમશી



પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા
નવા નિમાયેલા પ્રમુખશ્રી પ્રદીપ ખોના



સ્વાગત પ્રવચન આપતા
માનદ્ મંત્રીશ્રી જેસલ દંડ



કાર્યક્રમનું સંચાલન કરતા
શ્રીજીગર મૈશરી



આભારવિધિ કરતા
સહમંત્રીશ્રી કેતન લોડાયા



કાર્યક્રમ માણતા જ્ઞાતિ ભાઈઓ



હાસ્ય નો હિયકો કાર્યક્રમ આપતા
શ્રી પિયુષ મારાજ – ગોધરાવાળા



કાર્યક્રમ માણતા જ્ઞાતિ બહેનો



જ્ઞાતી સમક્ષ શપથ લેતી નવી કારોબારી ટીમ



સ્વાદિષ્ટ ભોજન નો આનંદ માણતા જ્ઞાતિજનો



નવી વ્યવસ્થાપક સમિતિની સમુહ તસ્વીર



સ્વાદિષ્ટ ભોજન નો આનંદ માણતા જ્ઞાતિજનો

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ અને અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા ગૌતમ સ્વામિ પુજન સંપન્ન







## સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અંતર્ગત શ્રેષ્ઠીશ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા આકસ્મિક વિમા યોજનાનો ચેક અર્પણ



શ્રી અનંતનાથ જિનાલયે, મુંબઈ મહાજન દ્વારા તા. ૧૯-૪-૨૦૧૫ આયોજીત શ્રી ગૌતમ સ્વામી મહાપૂજન દરમ્યાન એમના સહયોગે શ્રીમતી મધુરીબેન લોડાયાને રૂા. ૨,૫૦,૦૦૦/- નો ચેક (શ્રી હીરાચંદભાઈ લોડાયાનું આકસ્મિક નિધન થયેથી) મે. ટ્રસ્ટીશ્રી અને આ યોજનાના દાતા શ્રી કીરીટભાઈ લાપસીયા તથા સમસ્તના ટ્રસ્ટી અને મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા ના વરદ્ હસ્તે અર્પણ કરાયો હતો.

# ભાગવતી પ્રવજ્યા સંપન્ન : મુમુક્ષુ હેતલબેન બન્યા પ.પૂ. સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા.



















## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ અને અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા ગૌતમ સ્વામિ પુજન સંપન્ન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબાઈ અને શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટના નેજા હેઠળ, મસ્જિદ બંદરના અનંતનાથજી જિનાલય ખાતે રવિવાર તા. ૧૯-૪-૧૫ના સવારના અનંતલબ્ધિનિધાનાય શ્રી ગૌતમ સ્વામી મહાપુજનનું ચઢતા ભાવે સંપન્ન થયું.

કે.ડી.ઓ. ગરિમા ગ્રુપ પ્રાયોજિત કાર્યક્રમમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની વ્યવસ્થાપક સમિતી તથા અનંતનાથજી ટ્રસ્ટની ૧લી એપ્રિલ ૨૦૧૫થી સંચાલન સંભાળનારી ટીમે પોતાની ટીમ જ્ઞાતિહિતના સફળ કાર્યક્રમોથી જ્ઞાતિગરિમાને સર્વોચ્ચ બિંદુએ લઈ જવાના પોતાના ધ્યેયમાં સફળ જાય તે માટે લબ્ધિનિધાનાય પૂ. ગૌતમ સ્વામીની કૃપા વાંચ્છી હતી.

મહાજનશ્રીના નવા પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી મોતા અને તેમની ટીમે ચઢતા ભાવે પુજન કરી પોતાના કાર્યોનો શુભારંભ કર્યો હતો.

આ પ્રસંગે જ્ઞાતિ આગેવાનો અને હિતેચ્છુએ ભક્તિભાવપૂર્વક પૂજન વિધિમાં સહભાગી થઈ નવી ટીમને જ્ઞાતિ ગરિમા જાળવવામાં સફળ જવાની શુભ કામના આપી હતી.

**(તસ્વીરો સામેના પાને)**

## મુમુક્ષુ દીક્ષાર્થી હેતલબેન મણીલાલ ખોનાની ભગવતિ પ્રવજ્યા સંપન્ન : પ.પૂ. હીરગુણાશ્રીજી મ.સા. રૂપે ધર્યો સંયમ અવતાર

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ અને શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - ભાંડુપના નેજા હેઠળ મુમુક્ષુ દીક્ષાર્થી હેતલબેન મણીલાલ ખોના (સાંધવ-ભાંડુપ) નો દીક્ષા પંચાન્હિકા મહોત્સવ સંવત ૨૦૭૧ વૈશાખ સુદ ૨ થી વૈશાખ સુદ ૬, તા. ૨૦-૪-૨૦૧૫ થી તા. ૨૪-૪-૨૦૧૫ સુધી ભાંડુપના અનંતસિધ્ધિ - મેવાડ કેશરી ભવન ખાતે ઉજવાયો જેની ફલશ્રુતિરૂપે મુમુક્ષુ હેતલબેને પ.પૂ. હીરગુણાશ્રીજી રૂપે સંયમ અવતાર ધારણ કર્યો.

ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈના નેજા હેઠળ ૩૫ વર્ષ પછી દીક્ષા મહોત્સવ યોજાઈ રહ્યો હોવાથી સમસ્ત જ્ઞાતિ તેને ઐતિહાસિક બનાવવા ઉત્સુક હતી. ૩૫ વર્ષ પહેલાં મુંબઈ મહાજનના નેજા હેઠળ ઉજવાયેલા દીક્ષા મહોત્સવમાં ગુણવંતિબેને પ.પૂ. સા. શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. રૂપે અને કુ. હેમલતાબેને પ.પૂ. સા. શ્રી. હિતપ્રજ્ઞાશ્રીજી રૂપે સંયમ અવતાર ધારણ કર્યો હતો.

દીક્ષા પંચાન્હિકા મહોત્સવના મુખ્ય કાર્યક્રમો આ પ્રમાણે રહ્યા :-

બુધવાર તા. ૨૨-૪-૨૦૧૫ ના સવારે આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., મુનિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી, મુનિ ભગવંતો, સાધ્વી ભગવંતો અને યતિશ્રી પ.પૂ. મોતીસાગરજી મ.સા.નો નગર પ્રવેશ થયો.

તા. ૨૩-૪-૨૦૧૫ ના સવારે મુમુક્ષુ હેતલબેનના વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો. એજ દિવસે સાંજે મુમુક્ષુ હેતલબેનને વિધિ-સંગીતકાર શ્રી નરેન્દ્ર નંદુ અને સાથીઓએ સંગીતમય વિદાયમાન આપ્યું.

તા. ૨૪-૪-૨૦૧૫ના સવારના મુમુક્ષુ હેતલબેનની દીક્ષા ડોલી અને પછી સંયમ દીક્ષા ભાવપૂર્વક સંપન્ન થઈ.

૩૫ વર્ષ પછીના આ પ્રસંગને ઐતિહાસિક બનાવવા ક.દ.ઓ. મુંબઈ મહાજન - સાંધવ મહાજન - ભાંડુપ સંઘે જે જહેમત લીધી તેનો પડઘો સમસ્ત જ્ઞાતિમાં પડ્યો.

તા. ૨૦-૪-૨૦૧૫થી શરૂ થયેલા પ્રસંગોમાં શ્રી આદિનાથ જિનાલયનો શણગાર, નવી નવી રંગોળી અને ગંહુલિ, શ્રી આદિનાથ દાદાની આંગી, દીક્ષાર્થીને અપાનારી વસ્તુઓનું પ્રદર્શન ઉલ્લેખનીય રહ્યા. ભાંડુપના ૧૦૦ થી વધુ કલાકારોએ દીક્ષા થીમ પર ભાવવાહી કાર્યક્રમ પ્રસ્તુત કર્યો.

એકંદરે આખો દીક્ષા મહોત્સવ ચિરસ્મરણીય બન્યો.

**(તસ્વીરો સામેના પાને)**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 17/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# કે.ડી.ઓ. ગરિમા : કેશવજી નાયકના ફુવારાથી મસ્જિદ બંદરના ક્લસ્ટર ડેવલપમેન્ટ સુધી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિએ પોતાના મૂળ વસવાટના સ્થળ મસ્જિદ બંદર વિસ્તારમાંના જ્ઞાતિની શાન ગણાતા કેશવજી નાયકના ફુવારાનું નવીનીકરણ કરાવ્યું, એક અર્થમાં મૂળ સાથેનો નાતો ફરીથી જોડ્યો.

અલબત્ત જો વિવિધ કારણોસર જ્ઞાતિજનો મસ્જિદ બંદરનો વિસ્તાર છોડી જવાના હોય તો કેશવજી નાયકના ફુવારાનું નવીનીકરણ વધારે પડતી અને અતર્કસંગત ભાવુકતાથી થયેલ પ્રતિકાત્મક કાર્ય ગણાય.

જ્ઞાતિના સદ્‌ભાગ્યે ફુવારાનું નવીનીકરણ માત્ર પ્રતિકાત્મક કાર્ય ન રહે તે માટેનો તખતો ગોઠવાઈ ગયો છે. ૩૧ માર્ચ ૨૦૧૫ સુધી અનંતનાથજી ટ્રસ્ટના સંચાલન સૂત્રો સંભાળતી ટીમે પોતાની મુદતના અંતકાળે અનંતભુવનના રીડેવલપમેન્ટને કાર્યસૂચિ પર મુકી એક બેઠક બોલાવી. આ વખતે નવી ટીમ બિનહરીફ ચૂંટાયેલી જાહેર થઈ ચુકી હતી.

મુંબઈ મહાજનની (તેની વ્યવસ્થાપક સમિતિની નહીં પણ મુંબઈમાં વસતા ૧૮ વર્ષ કે તેથી વધુ વયના બધા જ્ઞાતિજનો ઈચ્છતા હોય તો હાજર રહી શકે તેવી જનરલ બોડી) સર્વસામાન્ય સભાએ એમ નક્કી કર્યું કે જૂની-નવી બન્ને ટીમે સાથે મળીને કામ કરવું.

આમ વ્યવહારિક રીતે નવી કમીટી માટે કાર્યકાળના પ્રારંભ પહેલાંજ જ્ઞાતિના મુંબઈમાંના મૂળ વસવાટ સ્થાન મસ્જિદ બંદર વિસ્તાર અંગે પોતાનું વલણ જાહેર કરવાનું આવ્યું. નવી ટીમના હેતુ અને પ્રવૃત્તિ બંન્નેમાં જ્ઞાતિગરિમાને વિશેષ મહત્વ આપવું એવું વલણ ધરાવતી હોવાથી તેણે પોતે મસ્જિદ બંદરની મિલકતોના રીડેવલપમેન્ટને સહજપણે અગ્રતાઓમાં સ્થાન આપવાનું નક્કી કર્યું.

નવી ટીમના સભ્યોએ આને પોતાની અગ્રતા અને ફરજ માનીને તરત જ પોતાની ક્ષમતા પ્રમાણે કામ શરૂ કરી દીધું.

મસ્જિદ બંદરમાંની માત્ર અનંતનાથજી ટ્રસ્ટની જ નહીં અન્ય ટ્રસ્ટોની મિલ્કતોના રીડેવલપમેન્ટની વાત આવી રીતે એજન્ડા પર લેવાઈ છે.

આમાં એક વિકલ્પ એવોય વિચારણા હેઠળ છે કે ટ્રસ્ટને બદલે જ્ઞાતિના બિલ્ડરો અને રોકાણકારો રીડેવલપમેન્ટનું કામ કરે અને તેમાં અનંતનાથજી ટ્રસ્ટ તથા જ્ઞાતિ સંસ્થાઓને માટે જોખમ લીધા વગર જ મહત્તમ ફાયદો ઉપલબ્ધ કરાવે.

અલબત્ત, આ વિકલ્પનો પાયો વિશાળ બનાવવા માટે જ્ઞાતિના બધા બિલ્ડરો જેમને આર્કીટેક્ટોની સેવા સહજ સુલભ છે તેઓ પોતપોતાના

**પ્રકાશ સમીક્ષાના ચેક લખનારાઓને આગ્રહભરી વિનંતી કે બન્ને પક્ષે મુશ્કેલી ટાળવા ચેકો C.D.O. PRAKASH SAMIKSHA SAMITI નામે લખવા. એપ્રીલ ૨૦૧૫ થી રિઝર્વ બેંકની સુચના પ્રમાણે અમારી બેંક ખાતાના નામ સિવાયનાં નામનાં ચેક નહીં સ્વીકારે**

આર્કીટેક્ટ પાસેથી અભિપ્રાયો મેળવી આવે અને તેના પ્રકાશમાં નિર્ણય લેવાય તે ઈચ્છનીય છે.

જો જ્ઞાતિના બિલ્ડરો અને રોકાણકારો ખાનગી ધોરણે કામ હાથ ધરીને ટ્રસ્ટને મહત્તમ ફાયદો પહોંચાડવાનો પ્રયત્ન થાય તેવા સંજોગોમાં પણ કેટલીક પાયાની વિચારણા જરૂરી બને છે.

આમાં સૌથી મહત્વની બાબત એ છે કે અનંતનાથ ટ્રસ્ટની મિલકતોના સંબંધમાં વાત કરીએ તો હાલમાં ટ્રસ્ટને માન્ય હોય તેવા જ ભાડૂતો ભાડૂતી જગ્યાનો ભોગવટો કરે છે.

રીડેવલપમેન્ટમાં ભાડૂતોને ઓનરશીપ જગ્યા મળવાની હોય તો તેઓ પોતાના સંજોગો અને પોતાની મરજી મુજબ તે જગ્યાનો ભોગવટો કરવા કે વેચવા સુધીના અધિકારો ધરાવતા થશે.

આ અધિકારને કારણે એવું પણ બની શકે કે મસ્જિદ બંદર વિસ્તારમાં જ્ઞાતિની વસતિમાં ઘટાડો થાય તેથી રીડેવલપમેન્ટના ભાગરૂપે માલિક તરીકે ટ્રસ્ટને જે કાંઈ મળવાનું હોય તે વધારાની રહેણાકની જગ્યા તરીકે મળે અને તે જગ્યા ટુંકી મુદતના લીવ-લાયસન્સથી જ્ઞાતિજનોને પરવડી શકે તેવા ભાડે રહેવા અપાય જેથી અહીં જ્ઞાતિની વસતિ જળવાઈ રહે કે વધે, ઘટે નહીં તે માટે પ્રયત્નો કરવા રહ્યા.

જ્યારે મસ્જિદ બંદરના રીડેવલપમેન્ટની વાત આવે ત્યારે આપણે સામાન્ય રીતે આપણી મિલકતોના રીડેવલપમેન્ટની વાત તરીકે જ વિચારવા ટેવાયેલા છીએ. આ બાબતનો અભિગમ બદલવાની જરૂર છે. જો આપણે આપણી મિલકતોના રીડેવલપમેન્ટને બદલે આખા વિસ્તારના રીડેવલપમેન્ટની વાત કરીએ તો એક લાખને બદલે લગભગ ત્રણ લાખ ચો. ફૂટનું રીડેવલપમેન્ટ કરાય અને વળી ટાઉન પ્લાનિંગ કેમ કરવું તેનો દોર આપણા હાથમાં રહે.

આ ટાઉન પ્લાનીંગના ભાગરૂપે જ્ઞાતિની બધી સંસ્થાઓની જગ્યાઓ અનંતનાથજી દેરાસર પાસે લાવી શકાય.

વધુમાં અનંતભુવન જેવી રેલવે લાઈન પાસે આવેલી બિલ્ડીંગોને કચ્છી વિશા ઓશવાળ દેરાસરની આગળ સેંડહર્સ્ટ રોડ તરફ લાવી શકાય અને રેલવે લાઈન તરફ બગીચા અને જનસુવિધાઓ રાખી આખા વિસ્તારને રમણીય બનાવી શકાય.

જોકે આખા વિસ્તારના રીડેવલપમેન્ટનું વિચારવું હો તો જે કાંઈ પણ પ્લાન બની રહ્યો છે, તે બધાના ભલા માટે છે એવી લાગણી પેદા કરી શકાય તો જ તે શક્ય બને. એવું કરવા માટે ખાનગી કંપની કરતા જે સરકારી/ટેક્નિકલ દૃષ્ટિએ બિન નફાકારક કંપની ગણાતી હોય પણ જેના નફામાંથી રોકાણ કરનાર - બૌધ્ધિક યોગદાન આપનાર બંન્નેને ઉચિત વળતર મળવા સાથે સમાજને ભાડા પર આપવા માટેના ઘરરૂપે કાંઈક મળતું હોય તેવી કંપનીનું સ્વરૂપ વધારે બુધ્ધિગમ્ય ગણાશે.

ખાનગી સાહસવીર પોતે જેનાથી સંબંધિત હોય એવા એક લાખ ચો. ફૂટનો વિસ્તાર ડેવલપ કરી રૂા. ૧૦૦ કરોડનો નફો કરી ટેક્સ આપ્યા પછી રૂા. ૭૦ કરોડનો ચોખ્ખો ફાયદો મેળવે. આજ વાત ઉપર જણાવેલી બીન નફાકારકર કંપનીરૂપે કરવામાં આવે તો ત્રણ લાખ ચો. ફૂટનો વિસ્તાર ડેવલપ કરી રૂા. ૩૦૦ કરોડનો નફો મેળવે જેમાંથી રૂા. ૨૦૦ કરોડ જેટલી રકમ રોકાણ કરનાર તથા બૌધ્ધિક યોગદાન આપનારને મળે જેની પર ટેક્સ ભર્યા બાદ તેમને રૂા. ૧૪૦ કરોડ ચોખ્ખા મળે અને સમાજને પણ ૧૦૦ કરોડનો ફાયદો થાય જે ઈચ્છવા યોગ્ય છે.

સમાપનમાં એટલું જ કહેવાનું કે ક.દ.ઓ. જ્ઞાતિ ફુવારાના નવીનીકરણથી આખા વિસ્તારના રીડેવલપમેન્ટ સુધીની બાબત પોતાની કાર્યસૂચિ પર લઈ રહી છે તે ખુશીની વાત છે. જો કે આ તબક્કે સંબંધિત મુદ્દાઓ વિશે સ્પષ્ટતા કેળવવાની શરૂઆત કરી નાખવી જોઈએ જેથી ક.દ.ઓ. ગરિમાની યોગ્ય જાળવણી થઈ શકે.

**- ચંદ્રસેન મોમાયા**

## પ્રકાશ સમીક્ષાના જાહેરાતના દરોમાં ૧લી મે ૨૦૧૫ (અંક નં. ૧૮ થી વધારો થશે:)

છેલ્લા ત્રણ વર્ષથી પ્રકાશ-સમીક્ષાના પ્રકાશન માટે જરૂરી એવા કાગળ, પ્રિંટીંગ, પરિવહન અને અન્ય સંલગ્ન ખર્ચાઓમાં સતત વધારો થતો રહ્યો છે, પરંતુ પ્રકાશ સમીક્ષા સમિતિએ જાહેરાતના દરોમાં કોઇ વધારો કર્યો નથી. સમિતિના સભ્યો કાગળ-પ્રિન્ટીંગના બિલોની ચુકવણી અર્થે વખતો વખત પોતાની અંગત લોન આપીને અને કેટલાક પાયાના ખર્ચા અંગત રીતે ભોગવીને શક્યતઃ વધુમાં વધુ કરકસરથી પ્રકાશનનો વહીવટ સંભાળતા આવ્યા છે.

સમિતિના સભ્યો પ્રકાશનને કોઇ પણ પ્રકારનો આર્થિક નફો મેળવવાનું સાધન માનતા નથી. જ્ઞાતિને એક નીડર નિષ્પક્ષ અને વસ્તુલક્ષી (Objective) આલોચના માટેનું સંપૂર્ણ સ્વતંત્ર પત્રકારીત્વ મળી રહે તે હેતુથી પ્રકાશ-સમીક્ષાએ ક્યારે પણ કોઇ પણ દાન ઉઘરાવવા પ્રયત્નો કર્યા નથી તેમજ તેવા કોઇ અનુદાનો સ્વીકારવા સ્પષ્ટ ઇન્કાર કર્યો છે.

આ પ્રકારની સૈધ્ધાંતિક ભૂમિકા નિભાવવાની સાથે પ્રકાશનના આર્થિક ઢાંચાનું સંતુલન પણ સચવાવું જોઇએ. એ દષ્ટીએ ૩૧ માર્ચ ૨૦૧૫ નાં પૂરા થતા ગત આર્થિક વર્ષમાં પ્રકાશ-સમીક્ષાએ આવક કરતાં જાવકમાં લગભગ રૂપિયા ૭.૫૦ લાખનો તોટાડો નોંધાયો છે. તેથી જ્ઞાતિજનોને માહિતગાર કરવાની સાથે હવે જાહેરાતના દરોમાં સમુચિત વધારો કર્યા સિવાય અન્ય વિકલ્પ રહેતો નથી. તે પરિસ્થિતિનો સ્વીકાર કરવા જ્ઞાતિજનોને આથી વિનંતી કરીએ છીએ.

**આથી આગામી ૧ લી મે થી (અંક નં. ૧૮ થી) જાહેરાતનાં દરો**

**નીચે મુજબના રહેશે તેની નોંધ લેવા વિનંતિ છેઃ**

| પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1500/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામાં ઓછા પા પાનાની

૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ

૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ

૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ

આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઇચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

|| જય ચક્રેશ્વરી માતા || || જય શ્રી પદમાવતી માતા || || જય શ્રી મહાલક્ષ્મી માતા ||

|| શ્રી નમો નમ: તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમ: ||

|| શ્રી નમો નમ: મોડપર તીર્થ શણગાર શ્રી આદીનાથ સ્વામીને નમ: ||

|| શ્રી નમો નમ: મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ કલ્યાણસાગરસૂરીશ્વરજી નમ: ||

|| શ્રી નમો નમ: આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ સૂરીભ્યો નમ: ||

# શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

મુ. પો. મોડપર, જીલ્લો જામનગર, ગુજરાત - ૩૬૧ ૨૮૦

## ૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની જીર્ણોધ્ધાર સહ નવ - નિર્માણ બાદ પ્રથમ ધ્વજારોહણ - વર્ષગાંઠ પ્રસંગે

મહોત્સવ પ્રારંભ :- શનિવાર, તા.: ૨૩.૫.૨૦૧૫

## ત્રિહાનીકા મહોત્સવે પધારવા
# ભાવભર્યું આમંત્રણ

મહોત્સવ પૂર્ણાહુતિ :- સોમવાર, તા. ૨૫.૫.૨૦૧૫

**દિવ્ય કૃપા** : કચ્છ-ગચ્છના હૃદયસમ્રાટ, ભારત દિવાકર, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજીમ.સા.**

**શુભ આશિષ** : તપસ્વીસમ્રાટ, સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ પ્રેરણા-માર્ગદર્શન** : મોડપર તીર્થ જીર્ણોધ્ધારક, રાજસ્થાન દિપક, સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**નિશ્રા પ્રદાન** : અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની, તપસ્વી શાંત મૂર્તિ **પ.પૂ. સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.** ના શિષ્યા **પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મ.સા.** આદીઠાણા તેમજ **પ.પૂ. સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા.** અને **પ.પૂ. સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.** આદિ ઠાણા.

## મહોત્સવની રૂપરેખા

**પ્રથમ દિવસ : સંવત ૨૦૭૧, જેઠ સુદ ૬, શનિવાર, તા. ૨૩ મે, ૨૦૧૫**

સવારના ૮.૦૦ કલાકે : પૂજ્ય ગુરૂ ભગવંતની પધરામણી સ્વાગત, માંગલિક, નવકાર જાપ, થાળ અર્પણ

બપોરના ૩.૦૦ કલાકે : શ્રી પંચ કલ્યાણક પુજા

રાત્રે ૭.૩૦ કલાકે : સંગીતમય ભાવના - ચડાવા - આરતી મંગલદિવો વગેરે

**દ્વિતિય દિવસ : સંવત ૨૦૭૧, જેઠ સુદ ૭, રવિવાર, તા. ૨૪ મે, ૨૦૧૫**

સવારના ૯.૦૦ કલાકે : ભક્તામર પાઠ અને ગુરૂ ભગવંતનું વ્યાખ્યાન, થાળ અર્પણ

બપોરના ૨.૦૦ કલાકે : અઢાર અભિષેક

રાત્રે ૭.૩૦ કલાકે : સંગીતમય ભાવના - ચડાવા - આરતી મંગલદિવો વગેરે

**તૃતિય દિવસ : સંવત ૨૦૭૧, જેઠ સુદ ૮, સોમવાર, તા. ૨૫ મે ૨૦૧૫**

સવારના ૯.૦૦ કલાકે : સત્તરભેદી પુજા, નવમી પુજા સમયે ભવ્યતિભવ્ય ધ્વજારોહણ, પૂજન બાદ શાંતી સ્નાત્ર અને ૧૦૮ દિવાની આરતી, થાળ અર્પણ તેમજ બહુમાન સમારંભ અરિહંત પદ અનુષ્ઠાન

- દરરોજ નવકારશી સવારના ૭.૩૦ થી ૯.૩૦ ક.
- દરરોજ સાધર્મિક ભક્તિ બપોરના ૧૧.૩૦ થી ૧.૩૦ ક.
- દરરોજ ચા-કોફી બપોરના ૩.૩૦ થી ૪.૩૦ ક.
- દરરોજ ચૌવિહાર સાંજના ૬.૦૦ થી ૭.૦૦ ક.

**કાર્યક્રમનું સંચાલન : વિધિકાર શ્રી મહેન્દ્રભાઈ માલશી લોડાયા, મોટી ખાવડી તેમજ હિતયોગી પરિવાર**

**સંગીતકાર** : શંખેશ્વરથી ભોજક - મેહુલકુમાર એન્ડ પાર્ટી

## મહોત્સવના લાભાર્થી પરિવારો

- **શ્રી પંચ કલ્યાણક પૂજા** : માતુશ્રી પુરબાઈ લખમશી દેવશી લોડાયા પરિવાર, દલતુંગી - ઘાટકોપર

### અઢાર અભિષેકના લાભાર્થી

- **મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ દાદા** : માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ કલ્યાણજી ધરમશી પરિવાર, સેવક ભરૂડીયા - દાદર (વડાલા)
- **શ્રી કુંથુનાથ ભગવાન** : માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર, સેવક ભરૂડીયા - મુલુંડ
- **શ્રી નેમિનાથ ભગવાન** : માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા પરિવાર, રાપર ગઢવારી - ઘાટકોપર
- **શ્રી સંભવનાથ ભગવાન** : માતુશ્રી હાંસબાઈ મેઘજી વીરજી મામણીયા પરિવાર, પુનડી (કચ્છ)- બોરીવલી
- **શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન** : માતુશ્રી નવલબેન જેતશી મેગજી શિયાલ પરિવાર, દલતુંગી - ડોંબીવલી
- **શ્રી સુમતિનાથ ભગવાન** : માતુશ્રી ગોમાબાઈ હેમરાજ દેવરાજ લોડાયા પરિવાર, મોટી ખાવડી - ઘાટકોપર
- **શ્રી વાસુ પૂજ્યસ્વામી ભગવાન** : માતુશ્રી ચંદનબેન શાંતીલાલ ટોકરશી લાપસિયા પરિવાર, રંગપુર - ઘાટકોપર
- **શ્રી નમિનાથ ભગવાન** : સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર, સાંધવ, મુલુંડ
- **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન** : માતુશ્રી લલીતાબેન કેશવજી કાનજી ધરમશી પરિવાર, રંગપુર - નવી મુંબઈ
- **શ્રી આદિશ્વર ભગવાન** : માતુશ્રી દામજીભાઈ કરમશી ઉમરશી દેઢીયા પરિવાર, કોટડી મહાદેવપુરી - ભાંડુપ
- **શ્રી ચક્રેશ્વરી દેવી** : અ.સૌ. ગીતાબેન નવીનચંદ્ર રતનશી લોડાયા પરિવાર, મોટી ખાવડી - મુલુંડ
- **શ્રી મહાકાલી દેવી** : શ્રી મહાકાલી મિત્ર મંડળ - ડોંબીવલી - હ : અશોક લાલજી લાલકા અને કાંતીલાલ માણેકજી નાગડા, રંગપુર - ડોંબીવલી
- **શ્રી પદમાવતી દેવી** : અ.સૌ. ગીતાબેન નવીનચંદ્ર રતનશી લોડાયા પરિવાર, મોટી ખાવડી - મુલુંડ
- **શ્રી સરસ્વતી દેવી** : અ.સૌ. ગીતાબેન નવીનચંદ્ર રતનશી લોડાયા પરિવાર, મોટી ખાવડી - મુલુંડ
- **શ્રી દાદા કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.** : માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ કલ્યાણજી ધરમશી પરિવાર, સેવક ભરૂડીયા - દાદાર (વડાલા)

## ધ્વજારોહણના લાભાર્થી પરિવારો

**• મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલય •**

માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ કલ્યાણજી ધરમશી પરિવાર, સેવક ભરૂડીયા - દાદર (વડાલા)

**• મૂળનાયક શ્રી આદેશ્વર દાદા જિનાલય •**

માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર, સેવક ભરૂડીયા - મુલુંડ

**• દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મંદિર •**

માતુશ્રી જયાબેન કુંવરજી ડાયાભાઈ ધરમશી પરિવાર, રંગપુર - સાંતાક્રુઝ

## મહોત્સવ દરમ્યાન સાધર્મિક ભક્તિના લાભાર્થી

**પ્રથમ દિવસ : તા. ૨૩.૫.૨૦૧૫**

**સવારના નવકારશી** : માતુશ્રી સોનબાઈ શામજી પેથરાજ શિયાલ, દલતુંગી - ડોંબીવલી
હસ્તે શ્રી બીપીનભાઈ

**બપોરના જમણ** : અ.સૌ. ગીતાબેન તથા નવીનચંદ્ર રતનશી લોડાયાના લગ્ન દિવસ (એનીવર્સરી) નિમિત્તે ચિ. આદી અમીત નવીનચંદ્ર લોડાયા, મોટી ખાવડી - મુલુંડ

**બપોરના ચા - કોફી** : મેસર્સ પ્રિયદર્શીની એન્ડ કાું, ચાર્ટડ એકાઉટન્ટ

**સાંજના ચૌવિહાર** : ચિ. આદી અમીત નવીનચંદ્ર લોડાયાના જન્મની ખુશાલીમાં
શ્રી જતીન નવીનચંદ્ર રતનશી લોડાયા પરિવાર, મોટી ખાવડી

**દ્વિતીય દિવસ : તા. ૨૪.૫.૨૦૧૫**

**સંપૂર્ણ દિવસ** : માતુશ્રી કમળાબેન વીશનજી નાગડા, નરેડી (કચ્છ) મુલુંડ (પૂર્વ)

**તૃતીય દિવસ તા. ૨૫.૫.૨૦૧૫**

**સંપૂર્ણ દિવસ** : માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ કલ્યાણજી ધરમશી પરિવાર,
સેવક ભરૂડીયા, દાદર (વડાલા)

### રવિવાર તા. ૧૫.૩.૨૦૧૫ મુંબઈ મુકામે સાધર્મિક ભક્તિના દાતા પરિવારો

શ્રી ચીમનભાઈ મેઘજી મોતા, શ્રી પંકજ કેશવજી ધરમશી, શ્રી રાજેશ કાંતીલાલ ધરમશી, શ્રી નવીનચંદ્ર રતનશી શાહ,
શ્રી અશોક મણીલાલ દંડ, શ્રી ભુપેન્દ્ર લખમશી લોડાયા, શ્રી ઉત્તમ હેમરાજ લોડાયા, શ્રી સુરેશ રામજી નાગડા,
શ્રી સુનીલ માણેકજી લોડાયા અને શ્રી મનોજ ભવાનજી ખોના

**માતબર દાન :** માતુશ્રી કોકીલાબેન પ્રભુલાલ જેતસી ખોના, ગામ મોટી ખાવડી - સુરત તરફથી સાધારણ ફંડમાં રૂા. ૧૧,૧૧૧/- અને સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચ ફંડમાં રૂા. ૪૦,૦૦૫/-નું માતબર દાન મળેલ છે. અનુમોદના, અભિનંદન અને આભાર. સાધારણ ફંડમાં દાન આવકાર્ય છે. લાભ લેવા વિનંતી.

**વિનંતી :** સર્વે દાતાઓનો ખુબ આભાર અને અનુમોદના. આપે ઉપરોક્ત વિવિધ લાભો લઈને આપની પુણ્યશાળી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી છે. આપને વિનમ્ર અનુરોધ કે આપ આપની અનુકુળતાએ બોલીની રકમ વહેલી તકે જમા કરાવી આભારી કરશોજી.

### ❖ નિમંત્રણ ❖

શ્રી ત્રિહાનિકા - ધ્વજારોહણ મહોત્સવે પધારવા સમસ્ત અચલગચ્છીય શ્રમણ - શ્રમણી ભગવંતો તથા
સર્વે સંઘો, મહાજનો, શ્રાવક - શ્રાવિકાઓ, દાનેશ્વરી દાતા પરિવારો, કાર્યકર્તાઓ,
આરાધકો, ગુરૂભક્તોને ભાવભર્યું આમંત્રણ.....

લી.

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટના**
**ટ્રસ્ટીઓ તથા કરોબારી સભ્યોના જય જિનેન્દ્ર**

**મુંબઈ કાર્યાલય :** શ્રી આર્ય જૈન કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭.

**શ્રી નિતિનભાઈ : ૦૨૨ - ૨૫૦૧ ૧૭૮૮**

UPASANA-9820187787

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ - ગાંધીધામના નવા પદાધિકારીઓ સર્વાનુમતે વરાયા

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન યુવક મંડળ, ''સાર્થક'', બૃહદ ગાંધીધામ વિસ્તારની એક સામાન્ય સભા તા. ૨૯-૩-૨૦૧૫ ના રોજ મળેલ હતી, જેમાં મંડળના નવા પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ યુવક મંડળના નવા પદાધિકારીઓ અને નવી કારોબારી સમિતિની સર્વાનુમતે રચના કરવામાં આવતાં, પ્રમુખ સ્થાને શ્રી હાર્દિક જયંતીલાલ નાગડા, ઉપપ્રમુખ તરીકે સર્વ શ્રી હિમાન્શુ હરીશ લાલકા તથા શ્રી અમિત ચંદ્રકાન્ત નાગડા, માનદ્‌મંત્રી તરીકે શ્રી મયુર ગુલાબ ધરમશી, સહમંત્રી તરીકે શ્રી ધવલ બિપિન લોડાયા, ખજાનચી તરીકે શ્રી હિતેન સૂર્યકાન્ત છેડા, સહખજાનચી તરીકે શ્રી વિરાજ વિરચંદ મૈશેરી, કો-ઑપ્ટ સભ્ય તરીકે શ્રી ભાવિક શાંતિલાલ નાગડા, શ્રી નિરવ મહેશ લાલકા, શ્રી દિલીપ દામજી મોતા, કુ. નિશી હિતેશ મોમાયા, કુ. માનસી હરીશ લોડાયાની વરણી કરવામાં આવેલ, તદ્‌ઉપરાંત નવી કારોબારી સભ્યોમાં મિકિર ખોના, વિપુલ લાલકા, સાગર મોમાયા, દિપેશ ખોના, રાહુલ ખોના, વિશાલ લોડાયા, દિપેન લોડાયા, પુનિલ દંડ, અનિશ લોડાયા, કુનાલ લોડાયા, જાન્વી છેડા, માનસી કુરૂવા, સિધ્ધી દંડ, ભુમિકા મોમાયા, પરીંદા લોડાયા, કોમલ લોડાયા, અક્ષી લાપસીયાની પણ રચના કરવામાં આવી હતી.

આ મંડળના સલાહકારો તરીકે સર્વશ્રી મિતેશ નિતિન મોતા, કેતન મધુકાન્ત લોડાયા, જીગર ભદ્રિક મૈશેરીની પણ સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. આ સભામાં પધારેલ સૌ યુવક-યુવતિઓનું સ્વાગત તત્કાલીન પ્રમુખ મિતેશ મોતાએ કરેલ. નવા વરાયેલ પ્રમુખ શ્રી હાર્દિક નાગડા અને માનદ્‌મંત્રીશ્રી મયુર ધરમશીએ નવી કમિટીને પ્રોત્સાહન આપતાં મંડળ દ્વારા સમાજની ઉન્નતિ માટે ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ કરવાનું આહવાન આપેલ. આ સભાનું સંચાલન તત્કાલીન માનદ્‌મંત્રી કેતન લોડાયાએ કરેલ અને આભારવિધિ તત્કાલીન ખજાનચી જીગર મૈશેરીએ કરેલ.

**(તસ્વીરો ૧૯ે પાને)**

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગાંધીધામ દ્વારા હાસ્યનો હિચકો કાર્યક્રમ યોજાયો

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, ગાંધીધામ દ્વારા રવિવારે બૃહદ ગાંધીધામ વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો માટે રૂટિન જીંદગીમાંથી તનાવમુક્ત થવા એક હાસ્યનો હિચકો કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

દીપપ્રાગટ્ય મહાજનના નવા નિમાયેલ પ્રમુખશ્રી પ્રદીપભાઈ ખોના, જ્ઞાતિ અગ્રણી મિતેશભાઈ ધરમશી, મહેશભાઈ લાલકા, મધુકાન્તભાઈ લોડાયા, કવિ તેજપાલભાઈ નાગડાના હસ્તે કરવામાં આવેલ. મહાજનના માનદ્‌મંત્રી શ્રી જેસલ ચંદ્રકાન્ત દંડે સૌને આવકાર્યા હતા.

ભુતપૂર્વ પ્રમુખશ્રી મિતેશભાઈ ધરમશીએ પોતાના કાર્યકાળ દરમ્યાન થયેલ કાર્યોની સંક્ષિપ્ત માહિતી આપી અને નવાનિમાયેલ પ્રમુખને તેમનો તથા સમસ્ત જ્ઞાતિજનોનો પુરેપુરો સાથ મળશે તેમજ તેમના કાળમાં ચાલુ થયેલ યોજનાઓ આગળ પણ ચાલુ રહે તેવી આશા વ્યક્ત કરી હતી. તેઓએ નવનિમાયેલ પ્રમુખ શ્રી પ્રદીપભાઈ આણંદજી ખોનાને પ્રમુખનો ખેસ પહેરાવીને તેમના આગામી ૫ વર્ષ માટે જવાબદારી સોંપી હતી.

શ્રી પ્રદીપભાઈ ખોનાએ તેમના પ્રવચનમાં આગામી ૫ વર્ષમાં સમાજના તમામ વ્યક્તિને સુશિક્ષિત, સ્વસ્થ, સુનિયોજીત બનાવવાનું વચન આપેલ અને જુની યોજનાઓ ચાલુ રાખી તેમાં હજી અનેક સમાજલક્ષી યોજનાઓનો ઉમેરો કરવાનું આહવાન આપેલ. પોતાની આ જવાબદારી સુપેરે નિભાવશે એવી ખાતરી આપતાં જ્ઞાતિજનોને તન-મન અને ધનથી સાથ-સહકાર આપવા નમ્ર અપીલ કરેલ.

શ્રી પિયુષભાઈ મારાજે હાસ્યરસ પિરસી મનોરંજન કર્યું. કાર્યક્રમમાં આશરે ૪૦૦થી વધારે સંખ્યામાં નાના-મોટા જ્ઞાતિજનોએ હાજરી આપી. મહાજનના સહમંત્રી શ્રી કેતન મધુકાન્ત લોડાયાએ આભાર માન્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગર ભદ્રીક મૈશેરીએ કર્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા મહાજનશ્રીના પ્રમુખ શ્રી પ્રદીપ આણંદજી ખોના, ઉપપ્રમુખ શ્રી હરીશ ખીમજી લાલકા, માનદ્‌મંત્રી શ્રી જેસલ ચંદ્રકાન્ત દંડ, સહમંત્રી શ્રી કેતન મધુકાન્ત લોડાયા, ખજાનચી શ્રી નિલેશ લક્ષ્મીચંદ ધરમશી, તેમજ કારોબારી સભ્યો સર્વશ્રી હરીશ ડુંગરશી ચુરલા, જીગર ભદ્રીક મૈશેરી, નિલેશ ઠાકરશી ડાઘા, ભાવિક શાંતિલાલ નાગડા, પરેશ વિરચંદ પટેલ, વિશાલ સુનિલ લોડાયા અને કો-ઑપ્ટ સભ્ય શ્રી મિતેશ નિતિન મોતાએ જહેમત ઉઠાવી હતી.

# Experience Banking With Arihant Bank Through Amazing Electronic Technology !!

Established in1984, Arihant Bank turned to Computerization by 1992,when other banks were still thinking. We developed and introduced our own software programme and provided to customers facility of any branch banking without CBS Platform. The business at branches was fully computerized with this programme till 2009 when the Bank adopted Core Banking Solution (CBS) Platform. All 5 Branches and the Head Office were successfully brought under CBS Platform and total Datas of the entire Bank transferred and stored in Master Server. Since then the Bank did not look back and continued providing latest Banking services with most modern technologies in the Banking industry.

By January, 2011,3 new Branches viz. Dombivali (East), APMC Vashi & Thane (West) were opened on CBS Platform. The Bank is operating as Single Branch Bank. Our Bank is front runner in the field of adopting technology in the Banking Industry amongst Co-operative Banks.

**Brief Highlights of Modern Technological Implementations and Services:**

1. **Any Branch Banking**: Customers can do total banking activities at any of the 8 branches irrespective of their home branch.

**2. Transfer of Funds: RTGS/NEFT:** The most preferred fund transfer facility of RTGS & NEFT introduced by Bank long back at Branches.

**3. Tax Payment:** All types of Government Taxes can be paid through any of the 8 branches.

**4. SMS Alert on Registered Mobile:** (a) Any transaction, debit or credit, hits the account, is advised immediately through SMS. (b) Customers can get balance of account, Mini Statement of last 5 Transactions through SMS.

**5. ATM/Debit Card: Arihant Rupay** ATM/Debit Card is introduced and issued **FREE OF COST** to the Current & Saving Account Holders. (a) The card provides Cashless Shopping at over more then 9 lacs shops and establishments throughout India where the POS machines are available. (b) The Card Holder can withdraw cash from over 1.7 lacs ATMs all over India 24x7. (c) Usage of ATM/Debit card is 100% safe and secured as it is PIN operated. (d) Free Accident Insurance cover of Rs. 1.00 lac for one year to the Arihant Bank Cardholder.

**6. SMS Banking- IMPS Credit.**

**This is Tomorrows Banking Product.** In our category of Banks we are among the First Banks permitted SMS Banking by NPCI. The Registered Customer can receive Credit and get funds transferred into his account through mobile Any Day Any Time 365 days.

The remitter, through an SMS to his bank, asks for transfer of funds to the receiver who will receive the credit into his Arihant Bank account immediately in real time without any intervention. SMS alert advice is transmitted to both the parties.

**IMPS and ATM Services provide 24 hr cash transaction facility.**

**7. AADHAR Payment Bridge System (APBS):** Registered account holders can get credit of government subsidy for LPG etc directly in account, Arihant Bank account holder getting subsides in other Banks account can receive into Arihant Bank Account simply, just by filing one form.

**8. Centralized Clearing Cell (CCC):** Instead of branch doing Cheque clearing process, the Bank has created Centralized Clearing Cell, that provides longer period to deposit cheque for clearing at Branch.

**9. Cheque Truncation System (CTS):** On the advice of RBI, Bank introduced CTS. Under this system Outward and Inward clearing of cheques is effected through image of the instruments at CCC without possession of physical cheque and branch intervention. This ensures longer period, quick and hassle free clearing of cheques.

**10. Personalized Cheque Books:** The account holders are provided with Personalized Cheques with their Name printed on the cheque. This ensures safety, decency and pride.

**Awards for Excellent working And Performance:** For the Years 2004 to 2012, the Bank has been awarded Best Banking Performance award by The Greater Bombay Urban Co-op. Banks Association and other Institutions 8 times.

Other Important services rendered by Bank are like Issue of Pan card, Foreign Exchange, Issue of Demand Drafts/Pay Orders/At Par Cheques/Bank Gaurantee, General Insurance, various attractive Deposits and Advances Schemes.The customers are requested to contact the nearest branch to avail the above facilities provided by the Bank & Enjoy Banking with Shri Arihant Co-op. Bank Ltd.

**Your Friendly Neighborhood Bank.**

| **Shri Mahendra D. Khona** | **Shri Kalyanji C. Chheda** | **Shri Khetshi D. Khona** |
|---|---|---|
| Chairman | Vice Chairman | Chief Executive Officer |

।। શ્રી ગણેશાય નમઃ।।   ।। શ્રી શાંતિનાથાય નમઃ।।   ।। શ્રી સચ્ચામાતાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાળ સમસ્ત લોડાયા પરિવારના શ્રી સચ્ચાઈ માતાજીની દ્વિતીય સમુહ પહેડી તા. ૧૧-૦૪-૨૦૧૫ શનિવારના કાલીદાસ ઓપન ગ્રાઉન્ડમાં યોજાઈ હતી.

- શ્રી સચ્ચાઈ માતાજીની પહેડીના મુખ્ય દાતાશ્રી નૈવેદ (પહેડી) જુહારવાનો લાભ માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા પરિવાર, કોઠારા-મુલુંડ
- માતાજીની આરતીનો લાભઃ માતુશ્રી ખેતબાઈ હંસરાજ વિસનજી લોડાયા પરિવાર, આરીખાણા-મુલુંડ
- માતાજીને તેડી આવવાનો લાભ : માતુશ્રી મણીબાઈ નરસી લોડાયા પરિવાર, રાપર-મુલુંડ
- માતાજીને પોંખવાનો લાભ : શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર હસ્તે જયેશ, સાંધવ-મુલુંડ
- માતાજીને દિપ-ધુપ પૂજાનો લાભ : માતુશ્રી દમયંતિબેન રતનશી લોડાયા પરિવાર, હસ્તે સુપુત્રો (સાંયરા-ડોંબિવલી)
- માતાજીને ફૂલ-હાર પહેરાવવાનો લાભ : માતુશ્રી કસ્તુરીબાઈ કેશવજી વિસનજી લોડાયા પરિવાર, આરીખાણા - ડોંબિવલી
- માતાજીને ચુંદડી ઓઢાડવાનો લાભ : માતુશ્રી વેલબાઈ લધુભાઈ હીરજી લોડાયા પરિવાર, રાપર - ઘાટકોપર
- પૂજામાં બેસવાનો લાભ (૧) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા પરિવાર, સાંધવ-મુલુંડ
  (૨) માતુશ્રી મણીબાઈ કલ્યાણજી વિસનજી લોડાયા પરિવાર, આરીખાણા - ડોંબિવલી

## લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના સહ આભાર

**આયોજક સમિતી**

શ્રી પ્રવિણ હંશરાજ લોડાયા (આરીખાણા - મુલુંડ)

શ્રી ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ)
શ્રી વિરચંદ નરશી લોડાયા (રાપર - મુલુંડ)
શ્રી વિપુલ ઠાકરશી પટેલ - (સાંધવ - મુલુંડ)
શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા (નલિયા - મુલુંડ)
શ્રી શરદ સોમચંદ લોડાયા (સાંધવ - ડોંબિવલી)
શ્રી સંદિપ નવિનચંદ્ર લોડાયા (સાંધવ - મુલુંડ)

**કારોબારી સભ્યો**

૧. શ્રી પુનશી લઘુભાઈ લોડાયા (રાપર ઘાટકોપર)
૨. શ્રી રમેશ મુરજી લોડાયા (ભરૂડિયા - મુલુંડ)
૩. શ્રી નિપેશ હિરાચંદ લોડાયા (બાંઢીયા - ઐરોલી)
૪. શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (સાંધવ - થાણા)
૫. શ્રી મયુર ખીમજી લોડાયા -પીર (સુથરી-ભાંડુપ)
૬. શ્રી મુકેશ ભવાનજી લોડાયા (મોટી સિંધોડી - ડોંબિવલી)
૭. શ્રી અરવિંદ રાયચંદ લોડાયા (દલતુંગી - ડોંબિવલી)
૮. શ્રી મેહુલ તિલકચંદ લોડાયા (બારોઈ-મુલુંડ)
૯. શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટી ખાવડી - થાણા)
૧૦. શ્રી મણીલાલ રાયચંદ લોડાયા (કોઠારા - વાશી)
૧૧. શ્રી વિરચંદ હીરજી લોડાયા (સુથરી-ડોંબિવલી)
૧૨. શ્રી પદમ લાલજી લોડાયા (વરાડીયા - ડોંબિવલી)
૧૩. શ્રી જતીન વિરેન્દ્ર લોડાયા (બાંઢીયા - અમદાવાદ)
૧૪. શ્રી હરીશ ઝવેરચંદ લોડાયા (સાંયરા - રાયપુર)
૧૫. શ્રી કિરીટ કુંવરજી લોડાયા (સાંયરા-ડોંબિવલી)
૧૬. શ્રી અજીત માલશી લોડાયા (તેરા-મુલુંડ)
૧૭. શ્રી અરવિંદ લાલજી લોડાયા (વારાપધર - ગાંધીધામ)
૧૮. શ્રી વિજય વાલજી લોડાયા (સાંયરા - મુલુંડ)
૧૯. શ્રી ચેતન નલીનકાન્ત લોડાયા-પીર (સુથરી - ડોંબિવલી)
૨૦. શ્રી વિજય મોતિલાલ લોડાયા (મોટીખાવડી-ઘાટકોપર)

## શ્રી કચ્છી દશા ઓશવાળ સમસ્ત લોડાયા પરિવારના
## શ્રી સચ્ચાઈ માતાજીની દ્વિતીય સમુહ પહેડીના સહયોગી દાતાશ્રીઓ પરિવારો

**આરીખાણા** (૧) માતુશ્રી ધનલક્ષ્મી રાયચંદ લોડાયા (ઘાટકોપર) (૨) માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા (મા-ઓમ) (મુલુંડ) (૩) માતુશ્રી નવલબાઈ મુરજી લોડાયા પરિવાર (મુલુંડ)

**સાંધાણ** (૧) માતુશ્રી દેકાબાઈ શામજી લોડાયા પરિવાર હસ્તે ઉત્તમભાઈ, રાયચંદભાઈ (કલવા)

**સાંધવ** (૧) શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર (લોખંડવાલા) (ઘાટકોપર) (૨) માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ હસ્તે હિતેશ, નિખિલ પટેલ (મુલુંડ) (૩) માતુશ્રી ખેતબાઈ સોમચંદ માલશી લોડાયા (ડોંબિવલી) (૪) માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા હસ્તે રસિકભાઈ (મુલુંડ) (૫) ભવાનજી રાઘવજી લોડાયા (મુલુંડ) (૬) માતુશ્રી વિમલાબાઈ ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ) (૭) શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (થાણા)

**સાંયરા** (૧) માતુશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા પરિવાર (મુલુંડ) (૨) માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા (રાયપુર) (૩) અ.સૌ.જયાબેન શાંતિલાલ લોડાયા (મુલુંડ) (૪) માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા પરિવાર હસ્તે હંસકુમાર (ઘાટકોપર) (૫) શાહ મધુકર ઝવેરચંદ લોડાયા (કિંગ્સ સર્કલ) (૬) શ્રી પદમભાઈ કુંવરજી લોડાયા પરિવાર (વાશી) (૭) શ્રી ઝવેરચંદ અરજણ લોડાયા પરિવાર (મુલુંડ)

**સુથરી** (૧) માતુશ્રી હેમલતા નલીનકાંત પીર (ડોંબિવલી) (૨) શ્રી મયુર ખીમજી પીર (મુલુંડ) (૩) માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા હસ્તે કીર્તીભાઈ (મુલુંડ) (૪) માતુશ્રી હેમલતાબેન પ્રતાપ ગોવિંદજી લોડાયા પરિવાર (મુલુંડ)

**તેરા** (૧) શ્રીમતી રશ્મીબેન પ્રતાપ ચાંપશી લોડાયા પરિવાર (મુલુંડ)

**વરાડીયા** (૧) માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા (ડોંબિવલી)

**વારાપધર** (૧) શ્રી ટોકરશી રતનશી લોડાયા હ.ઝવેરચંદભાઈ (ડોંબિવલી) (૨) શ્રી અરવિંદ લાલજી લોડાયા (ગાંધીધામ) (૩) શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા (વાશી)

**રાપરગઢવારી** (૧) માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા હસ્તે લહેરચંદ (ડોંબિવલી) (૨) માતુશ્રી ભચીબાઈ હરશી લોડાયા (ભાડુંપ) (૩) માતુશ્રી પ્રેમાબાઈ મેઘજી હીરજી લોડાયા

**બાંઢિયા** (૧) શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા પરિવાર (અમદાવાદ) (૨) માતુશ્રી હંસાબેન હીરાચંદ અરજણ પટેલ (એરોલી) (૩) શેઠશ્રી હીરજી શિવજી લોડાયા (પટેલ) (મુલુંડ) (૪) માતુશ્રી નવલબાઈ જીવરાજ લોડાયા પરિવાર (નાસિક)

**બારોઇ** (૧) માતુશ્રી હિરાવંતીબેન તિલકચંદ લોડાયા (મુલુંડ)

**કોઠારા** (૧) માતુશ્રી પ્રેમાબાઈ લાલજી લોડાયા (મુલુંડ) (૨) માતુશ્રી કસ્તુરીબેન રાયચંદ લોડાયા (વાશી) (૩) માતુશ્રી કાંતાબેન ગોંવિદજી લોડાયા (ઘાટકોપર) (૪) માતુશ્રી જયાબાઈ ટોકરશી લોડાયા સહપરિવાર (ડોંબિવલી) (૫) સંજય શાંતિલાલ અજાણી (લોડાયા) (ઘાટકોપર)

**કુવાપધર** (૧) માતુશ્રી વેલબાઈ પદમશી લોડાયા (બોરીવલી)

**મંજલ** (૧) માતુશ્રી નેણબાઈ હિરજી લોડાયા પરિવાર (ડોંબિવલી)

**મોટી સિંધોડી** (૧) માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા (ડોંબિવલી)

**નલિયા** (૧) શ્રી નરેન્દ્ર દામજી લોડાયા (મુલુંડ) (૨) માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર (મુલુંડ)

**ગોરખડી** (૧) માતુશ્રી ચંપાબેન રાયચંદ જીવરાજ લોડાયા હ. નરેન્દ્રભાઈ (શિરશી)

**ભરૂડીયા** (૧) માતુશ્રી પ્રભાવંતી મુલજી લોડાયા (મુલુંડ)

**દલતુંગી** (૧) માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા (ડોંબિવલી)

**મોટી ખાવડી** (૧) શ્રી જીવરાજ ગોંવિદજી લોડાયા (થાણા) (૨) શ્રી મોતિલાલ દેવજી લોડાયા (ઘાટકોપર) (૩) શાહ ગિરીશ ખીમજી કરમશી લોડાયા (મુલુંડ) (૪) શાહ શાંતિલાલ શામજી લોડાયા (મસ્જીદ બંદર) (૫) માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા હસ્તે કિંજલ, જેનિલ (ઘાટકોપર)

**અન્ય** (૧) ફાઈવ્હસ્ટાર કેટરર્સ (ભાડુંપ)

## આરોગ્ય પ્રકાશ : પ્રોટીન અને ખનીજ તત્વો પણ ધરાવતી એકમાત્ર વનસ્પતી સરગવો

ડાયટિશ્યન બધા લોકોને સલાહ આપ છે કે બધાએ સીઝનલ શાક અને ફળો ખાવાં જોઇએ, પરંતુ ગરીબ કે મધ્યમવર્ગીય લોકોને કદાચ આ સલાહની જરૂર હોતી નથી; કારણ કે તેમનાં ઘરોમાં એ જ શાક અને ફળો આવે છે જે સીઝનલ હોય. અને ફલો આવે છે જે સીઝનલ હોય. કેમ કે સીઝન હોવાને કારણે એ સૌથી સસ્તાં મળે છે. આમ અનાયાસે સસ્તાના બહાના હેઠળ લોકો સાચો ખોરાક ખાય છે. આમ જોઇએ તો સરગવાની શિંગ સસ્તી થઇ છે એટલે એ બહાના હેઠળ ઘણ-સાથે એ પોષકત્વોથી ભરપૂર છે એ કારણસર પણ અને રસોડામાં આવકારવી જોઇએ.

### સગરવાનાં પાન

શાકભાજીમાં સરગવો એટલો પોષણયુક્ત છે કે એને શાકભાજીનો રાજા પણ કહીએ તો ખોટું નથી. મુખ્યત્વે સરગવો બે રીતે ખવાય છે, એક એનાં પાંદડાં અને બીજી એની શિંગ ઘણા લોકોને પ્રશ્ન થશે કે સરગવાની શિંગનું શાક ખાધું છે, સરગવાની શિંગનું સાંભાર કે કઢીમાં નાખીને ખાધી છે; પરંતુ સરગવાનાં પાન ખાંધા નથી. મોટા ભાગે ગરીબ ઘરોમાં ખવાતાં આ પાન પોષણનો ભંડાર છે. ખૂબ જ સસ્તાં મળતાં હોવાથી ગરીબ ઘરોમાં આ પાનની ભાજી બનાવીને ખવાય છે. પણ જે લોકો એના પોષણનું મહત્વ સમજે છે તેઆ આ પાનનો મૂઠિયાં-થેપલામાં નાખીને ઉપયોગ કરે છે. ઘરા આર્યુવેદિક કે નેચરોપેથીવાળા લોકો આ પાનનો પાઉડર બનાવીને વેચે છે તો ઘણા લોકો જૂસના રૂપમાં પણ એને પીએ છે. આ પાન સામાન્ય બજારમાં મળવાં

## લગ્ન સંબંધી



### ચિ. હિમાંશુ શ્રીકાંત લોડાયા

રાયચુર (કર્ણાટક) સ્થિત, જન્મ તા. ૬-૯-૮૮, હાઈટ ૬ ફુટ, વજન ૮૦ કિ., B.E. (I.T.) પાસ, ચાર વર્ષ I.T. ક્ષેત્રમાં અનુભવ લઈ હાલ વડીલ સાથે રાયચુરમાં હોટલના વ્યવસાયમાં જોડાયેલ વેલસેટ કુંવારા યુવાન માટે દેખાવડી ભણેલી કન્યાના વડીલોને કુંડલી-ફોટા સાથે સંપર્ક કરવા વિનંતી. જાહેરાતનો આશાય યોગ્ય પસંદગી સારુ.

*: સંપર્ક :*

**રાયચુર :** શ્રી શ્રીકાંત બંકીમચંદ લોડાયા
મો. ૦૯૩૪૨૨૫૩૨૭૪

**મુંબઈ મસ્જિદ :** શ્રીમતી ઈંદુબેન ઉત્તમચંદ મૈશેરી
મો. ૦૯૮૨૦૬૮૧૫૬૫

**મુંબઈ મુલુંડ :** શ્રીમતી હર્ષા અભય લોડાયા
મો. ૦૯૬૧૯૪ ૬૩૨૨૩

**મુંબઈ મુલુંડ :** શ્રીમતી હંસા નિતિન મોતા
મો. ૦૮૦૮૦૬ ૦૩૪૯૭

## વિદેશ ગમન
### હાર્દિક અભિનંદન



### ચિ. હેનિલ કિશોર ગોસર

બારોઈ - પૂના (૧૨ મે ૧૯૯૮)

ટૂંક સમય માટે Ignify Software Co. તરફથી જાપાન ગયા છે અને સૌ પરિવારજનો એના ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે અભિનંદન આપીએ છીએ.

*: શુભાશિષ :*

**દાદાણા** : ભવાનજી ભીમસી ગોસર પરિવાર (બારોઈ)
**નાનાણા** : માતુશ્રી હિરબાઈ હંસરાજ ધરમશી (બરોડા)
**માતા** : કુમુદ કિશોર ગોસર (પૂના)
**બહેન** : સૌ. નિરાલી તુષાર શાહ (નાંદેડ)
સૌ. ચૈતાલી મયુર મૈશેરી (આકોટ)
**સંપર્ક : ૯૪૨૨૨૧૫૭૦૭**

અધરાં છે, કારણ કે રોજબરોજ લોકો એનો ખોરાકમાં ઉપયોગ કરતા નથી, પરંતુ શાકભાજીવાળા પાસે મગાવી શકાય છે; કારણ કે સરગવાનાં ઝાડ ઘણાં છે અને એનાં પાન મેળવવા તેમના માટે મુશ્કેલ હોતાં નથી.

**પોષણ**

સરગવાનાં પાન એવાં છે જેમાંથી પ્રોટીન પણ મળે છે. સામાન્ય રીતે શાકભાજીમાંથી પ્રોટીન મળતું નથી, પરંતુ સરગવામાંથી દૂધ કરતાં પણ વધારે પ્રમાણમાં પ્રોટીન મળે છે એ જણાવતાં ક્રિટીકેર હૉસ્પિટલ, જુહુનાં ડાયેટિશ્યન યોગિતા ગોરડિયા કહે છે, '૧૦૦ મિલીલિટર દૂધમાંથી ૪ ગ્રામ પ્રોટીન મળે છે, જ્યારે ૧૦૦ ગ્રામ સરગવાનાં પાનમાંથી ૧૦ ગ્રામ પ્રોટીન મળે છે. ફક્ત પ્રોટીન જ નહીં, દુધ કરતાં પણ વધુ સારું કૅલ્શિયમ સરગવામાંથી મળે છે. વળી સરગવામાં ખૂબ વધુ માત્રામાં આયર્ન પણ મળે છે. ગાજર કરતાં વધુ વિટામિન જ્ઞલ પેરુ જેટલું વિટામિન ઝ, કેળા કરતાં વધુ ફોસ્ફરસ આ પાનમાં છે. વળી આ બધાં જ પોષકત્વો સોલ્યુબલ ફોર્મમાં હોય છે. એટલે કે એ શરીરમાં જઈને પચશે જ અને શરીરને લગભગ પૂરી માત્રામાં મળશે જ એની ગૅરન્ટી હોય છે, જે બીજી શાકભાજીમાં અધરું હોય છે. સરગવાની શિંગમાંથી પણ આ બધા જ પોષકતત્વો મળે છે, પરંતુ પાન કરતાં શિંગમાં એનું પ્રમાણ ઘટી જાય છે. આમ પાન વધુ ગુણકારી છે, પરંતુ શિંગ પણ બીજી શાકભાજી કરતાં વધુ ગુણકારી છે.'

**કઈ રીતે ખાશો ?**

સરગવાની શિંગ તો આપણે અલગ-અલગ રીતે ખાઈએ જ છીએ, પરંતુ સૌથી શ્રેષ્ઠ રીત છે સરગવાની શિંગ અને દુધીનો જૂસ જેમાં સરગવાની શિંગને બાકીને દુધીની સાથે ક્રશ કરી જૂસ બનાવવામાં આવે છે. શિંગને ખાલી બાફેલી ખાવામાં આવે તો પણ એ ઘણી જ ગુણકારી સાબિત થાય છે. સરગવાનાં પાનને કઈ રીતે ખાવાં ? આ પ્રશ્નનો જવાબ આપતાં યોગિતા ગોરડિયા કહે છે, 'જે રીતે આપણે પાલકની ભાજીનો ઉપયોગ કરીએ છીએ એવી જ રીતે આપણે સરગવાનેં પાનનો ઉપયોગ પણ કરી જ શકીએ. સરગવાનાં પાન


Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર  પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી  પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર  બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ



**જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ**

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે
પણ આપણે સંબંધ, સંપત્તિ કે તંદુરસ્તી બાબત
દુ:ખનો અનુભવ કરતા હોઈએ છીએ અને
એમાંથી બહાર નીકળવા માટે
અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ

તમારા દરેક પ્રશ્નના ઉત્તર
**તમારે જાતે** મેળવવા હોય તો....

પંદર દિવસમાં ટેરો કાર્ડ શીખો અને નિષ્કર્ષ
કે નિર્ણય પર **તમારી જાતે** પ્હોંચો (ગેરન્ટી સાથે)
તા.ક.: ટેરો કાર્ડ દ્વારા તમે આર્થિક રીતે પણ
પગભર થઈ શકો છો.

*વધુ વિગત માટે સંપર્ક:*
**રૂપલ શાહ** – 98339 96477

**કાઉન્સીલર, માઈન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઈટીંગ એક્ષ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ.....**

## એડવેંચર રસિયાઓ માટે કોલાડ ખાતે

## એડવેંચર રિવર રાફ્ટિંગ પિકનિક

**રવિવાર તા. ૧૭-૫-૨૦૧૫ ના રોજ**

**માત્ર રૂા. ૨૪૫૦/- વ્યક્તિદીઠ**

આવવા જવાનું બસ ભાડું, રિવર રાફ્ટિંગ ચાર્જેસ, સવારનો ચા-નાસ્તો અને લંચ, સાંજના ચા-નાસ્તા સાથે.

***રવાનગી :*** નાહુર સ્ટેશનથી સવારના ૫ કલાકે

***મુંબઈ પરતી :*** કોલાડથી સાંજે ૬ કલાકે

***સંપર્ક :***

ભાવિન નાગડા - 97028 88851

મેહુલ લોડાયા - 98924 55992

ચડતાં વાર લાગે છે અને એનો સ્વાદ ખાસ હોતો નથી. જો એ ખોરાકમાં ઉપયોગમાં લો તો મસાલેદાર વાનગીમાં કરવા જેથી એનો સ્વાદ અલગથી ન આવે. જો વાનગી ન બનાવો તો સરળ જૂસ બનાવી નાખો. દરરોજ ૧૫ મિલીલિટર જેટલો સરગવાનાં પાનનો જૂસ ખૂબ જ ગુણકારી રહેશે.

**ફાયદો શુ છે ?**

સરગવાનાં પાન અને એની શિંગ ખાવાથી વ્યક્તિને શું ફાયદા થઈ શકે છે એ જણીએ ડાયેટિશન યોગિતા ગોરડિયા પાસેથી.

૧. સરગવાના પાન અને સરગવાની શિંગ ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવતી મહિલાઓ, મેનોપેઝ ચાલતો હોય તેવી મહિલાઓ, ટીબી ના દરદીઓ, રૂમેટોઈડ

## શ્રી આદિનાથ યુવા મંડળ (સેવક ભરૂડીયા) નોટબુક વિતરણ યોજના

જય જિનેન્દ્ર સાથે જણાવતા ખુશી થાય છે કે શ્રી આદિનાથ યુવા મંડળ સંસ્થા ઈ.સ. ૨૦૧૦ થી મેડીકલ અને શૈક્ષણીક ક્ષેત્રે સહાય કરે છે. આ ધ્યેયને આગળ વધારતા શ્રી આદિનાથ યુવા મંડળ (સેવક ભરૂડીયા) ગામના સર્વે વિદ્યાર્થીઓ માટે વિના મુલ્યે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજેલ છે. આ યોજનાનો લાભ લેવા ગામના દરેક વિદ્યાર્થીઓએ પોતાના રીઝલ્ટ (૨૦૧૪-૨૦૧૫) ની ઝેરોક્ષ કોપી સાથે નીચે જણાવેલ સેંટર થી નોટબુક લેવા નમ્ર વિનંતી છે. તા. ૧૦-૫-૨૦૧૫ ના નોટબુક માટે મુંબઈ પરામાં સેંટર રાખેલ છે. સેંટર નીચે મુજબ છે :

૧) **મુલુંડ -** વીર કેમ ઈમ્પેક્સ બી-૧૧, ગ્રાઉન્ડ ફ્લોર, સાઈ સંતોષ અપાર્ટમેન્ટ, એસ. એન. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

૨) **ડોંબિવલી -** ભૂમિ કલેક્શન, ૭/સુનિતા અપાર્ટમેન્ટ, ઘનશ્યામ ગુપ્તે રોડ, જોશી વાડીની બાજુમાં, ડોંબિવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨.

3) **સાંતાક્રુઝ -** એ-૧૦૨, વિજય અપાર્ટમેન્ટ, ૧૬૧, પ્રભાત કોલોની, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ-૪૦૦૦૫૫.

૪) **ઘાટકોપર -** વિજય ઓઈલ ટ્રેડીંગ કં., બીલ્ડીંગ નં. ૧૬૩, જૈન દેરાસરની સામે, નાઈડુ કોલોની, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૫.

**સમય સવારના ૧૦.૦૦ થી ૧.૦૦**

**નોંધ :** શ્રી આદિનાથ યુવા મંડળ (સેવક ભરૂડીયા) મહાજન માટે મેડીકલ અને શૈક્ષણીક ક્ષેત્રે સહાય કરવા તત્પર છે. આપ સૌને જરૂરથી લાભ લેવા નમ્ર વિનંતી.

(મુંબઈ બહારના ભરૂડીયાવાસીઓને નોટબુક વિતરણ મટે નીચે મુજબ આપેલ નંબર પર સંપર્ક કરવો)

**નોટબુક વિતરણ કમીટી**

| | | |
|---|---|---|
| અલ્પેશ દંડ - 98200 57598 | ચન્દ્રેશ દંડ - 80973 50740 | ચેતન દંડ - 98213 50952 |
| દર્પણ દંડ - 99200 57598 | ખિલીન દંડ - 93244 12193 | મયુર સ. દંડ - 98196 63555 |
| મયુર વ. દંડ - 96196 66111 | નિલેષ દંડ - 99204 16978 | પંકજ દંડ - 90048 41222 |
| રાજુ દંડ - 98208 61013 | સચિન નાગડા - 93232 59639 | યોગેશ દંડ - 97690 53048 |
| વિકાસ દંડ - 91672 35061 | વિરલ દંડ - 98214 54191 | |

આર્થ્રાઇટિસના દરદીઓ, કોઇ પણ જાતની માંદગીમાંથી ઊભા થયા હોય તેવા લોકો માટે અકસીર સાબિત થઇ શકે છે.

૨. જેમને પાચનને લગતા કો પ્રોબ્લેમ, ગેસ, એસિડીટીની તકલીફ હોય તેમન પણ સરગવાથી ઘણો લાભ થાય છે.

૩. સરગવામાં રહેલાં પોષકતત્વો વ્યક્તિનો રેઝિસ્ટન્સ પાવર વધારે છે, જેથી તેની રોગપ્રતિકારક શક્તિ પ્રબળ બને છે અને રોગો સામે લડી શકવા તે વધુ સક્ષમ બને છે.

૪. સરગવાના સેવનથી નાડીને લગતા પ્રૉબ્લેમ્સ જેમ કે ખાલી ચડી જવી, મેમરી લૉસ, સ્ટ્રેસ કે ફ્રસ્ટ્રેશન જેવી માનસિક બીમારીઓમાં પણ રાહત મળે છે.

૫. ડાયાબિટીઝના દરીદીઓ માટે પણ એ અત્યંત ફાયદાકારક છે.

૬. સરગવો આંખને સતેજ બનાવે છે, હાડકાંને મજબૂત બનાવે છે.

૭. જાતજાતનાં બેક્ટેરિયલ અને વાઇરલ ઇન્ફેક્શન સામે એ રક્ષણ પણ આપે છે; જેને કારણે ડેન્ગી, મલેરિયા, ચિકનગુનિયા કે સ્વાઇન ફ્લુ જેવા રોગોથી બચી શકાય છે.

૮. સરગવો વેઇટલોસ માટે પણ ખૂબ જ ઉપયોગી છે, કારણ કે એ ખાવાથી શરીરનું મેટાબોલિઝમ સુધરે છે, પાચનક્રિયા સુધરે છે અને ફેટ્સ બળવાનું શરૂ થાય છે.

૯. સરગવો કેન્સરના દરદીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે, કારણ કે કેન્સરમાં કેમોથેરપી દ્વારા જે સાઇડ ઇફેક્ટ્સ વ્યક્તિને નડે છે એ સાઇડ ઇફેક્ટમાં સરગવાથી ઘણો ફાયદો છે.

૧૦. સરગવો ડિટોક્સિફિકેશન માટે પણ અત્યંત ઉપયોગી છે. એ શરીરમાં ફરતા નકામા કચરા જેને ફ્રી રેડિકલ્સ કહે છે, એને બાંધે છે અને શરીરમાંથી દૂર કરે છે. આથી સ્કિન અને વાળને થતું ડેમેજ પણ અટકે છે.

**(મિડ-ડે માંથી સાભાર)**


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.


## શ્રી પ્રબોધ મુનવરને કચ્છ જિલ્લા પંચાયત દ્વારા સન્માનિત કરાયા



માસ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન કચ્છમાં સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વેદ-હોમિયોપૈથી શિબિરોમાં સુંદર કામગીરી બદલ માનવજ્યોત સંસ્થા ભુજનાં **શ્રી પ્રબોધ મુનવર**નું કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી, આયુર્વેદ અધિકારી તથા આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી દ્વારા સન્માન કરી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

કચ્છમાં સ્વાઈનફ્લુ ઝડપભેર પ્રસરી રહ્યો હતો ત્યારે શ્રી મુનવર જેની સાથે સંકળાયેલા હોય તેવી સંસ્થાઓ અને સાથીઓએ ૯૬ હજાર લોકો સુધી પહોંચી જઈ તેમને આયુર્વેદિક ઉકાળો પીવડાવી, હોમિયોપેથી ગોળીઓનો ડોઝ આપી સ્વાઈનફ્લુ સામે જિલ્લા વહીવટી તંત્રના સહકારથી રક્ષણ અપાવ્યુ હતું. જેની સમગ્ર જિલ્લા વહીવટી તંત્રે નોંધ લીધી હતી અને એ સુંદર કામગીરીને બિરદાવી હતી.


અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ ચણીયાચોળી ઘરચોળા બોર્ડરો પાનેતર બાંધણીઓ

મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨.

Tel. : 22413995 / 22402786

સરનામું : ૨૮, ગની મેન્સન, શૉપ નં ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.) કિંગ સર્કલ, મુંબઈ -૧૯ ફોન નં-2404 3995/93222 58574

શુભેચ્છા સહ Laxmichand Dharshi Mota

MOTA SHIPPING AGENCY

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

## કથા પ્રકાશ : માને સૂવા દો!

આશા વિરેન્દ્ર
(મન્નુ ભંડારીની હિંદી વાર્તાને આધારે)

શિવાનીના બાબુજીની બીમારીનું નિદાન થયું હતું કે, એમને પ્રોસ્ટેટનું કેન્સર છે. સૌને મોઢે બસ બાબુજીનું જ નામ. ડોક્ટર શું કહે છે, કિમોથેરાપી લેવી પડશે? બધા જાણે આ બધી બાબતોના નિષ્ણાત હોય એ રીતે વાતો કરતા. આ સૌમાં જો કોઈ મૂંગે મોઢે પોતાનું કામ કર્યા કરતું હોય તો એ હતી મા.

પહેલેથી એ તો હાંસિયામાં ધકેલાયેલી જ હતી, એણે બે કોળિયા મોંમાં નાખ્યા કે નહીં? બપોરના એ ઘડીક આડે પડખે થઈ કે નહીં? રાતના એ સૂઈ શકી કે બાબુજીની સેવામાં જ રાત પુરી થઈ ગઈ? જોકે, કોઈ આવું પુછે એવી એને કદી અપેક્ષા જ નહોતી.

પથારીનો ત્યાગ કરે ત્યારથી મા ચાવી દીધેલા રમકડાની માફક ફરફૂદરડી ફર્યા કરતી. બાબુજીને કે બીજા કોઈનેય કદી વિચાર ન આવ્યો કે, હવે એની પણ ઉંમર થઈ છે, એનેય જરાક આરામની જરૂર હોઈ શકે. હા, શિવાનીનો જીવ આ માટે બળતો.

નાનો ભાઈ અને ભાભી, મા - બાપુજીની સાથે જ રહેતાં એટલે એમની થોડી મદદ મળતી ખરી, બાકી મોટાભાઈને એમનો પરિવાર મુંબઈ અને એમનાથી નાની બહેન શીલા અમદાવાદ. બંને દૂર રહ્યે રહ્યે જાણે મા-બાપની બહુ ફિકર કરતાં હોય એમ સલાહ - સુચનો આપ્યા કરતાં.

છેલ્લા અઠવાડિયાથી બાબુજીને નર્સિંગ હોમમાં દાખલ કર્યા હતા. શિવાનીને થયેલું કે, હાઈ, હોસ્પિટલમાં તો નર્સ દર્દીની દેખરેખ રાખે એટલે માને થોડાક તો આરામ મળશે! પણ નર્સ પાસે ઈંજેક્શન અને દવા લેવાનાં, બી.પી. ચેક કરાવવાનું એ સિવાય બધું મા જેમ ઘરે કરતી એ જ રીતે એણે હોસ્પિટલમાં કરવાનું એવું બાબુજીનું ફરમાન હતું.

શિવાની મા માટે ચા લઈને ગઈ ત્યારે એણે જોયું કે, હજી તો માનું ટિફીન એમ ને એમ પડેલું હતું અને એ બાબુજીના શરીરે માલીશ કરી રહી હતી. શિવાનીએ પૂછ્યું - મા? હજી સુધી જમી નથી?

ફિક્કું હસીને એમણે કહ્યું, ખાવાનું ટીફીનમાં હોય કે પેટમાં, શું ફરક પડે છે? પણ તારા બાબુજીને મારા માલિશ કરવાથી ફરક પડે છે.

બે દિવસ પછી બાબુજીને હંમેશ માટે ઊંઘ આવી ગઈ. મોટાભાઈ અને શીલા સમાચાર સાંભળીને દોડી આવ્યા. શીલાએ રડીને ઘર માથે લીધું તો મોટાભાઈએ માને વાંસે હાથ ફેરવીને આશ્વાસન આપ્યું. શિવાનીને માની ચિંતા સતવી રહી હતી.

મા, ભાવે કે ન ભાવે પણ બે કોળિયા તો ખાઈ લે! જરા પગમાં જોર રહે! મા, બેઠા બેઠા કમર દુ:ખી જશે. થોડીવાર લાંબો વાંસો કરી લે ને! પણ માએ બે હાથ જોડીને ધરાર ના પાડી દીધી. સાંજ સુધી લોકોની અવર - જવર એકધારી ચાલુ જ હતી. શિવાની પાણી લેવા રસોડામાં ગઈ ત્યાં પાછળ જ શીલા આવી.

શિવાની, મા પણ કમાલ છે! આ સમય છે સૂવાનો ? આડોશી પાડોશી ખરખરે આવ્યા છે ને એ બેઠી બેઠી ઝોંકાં ખાય છે. મને તો એવી શરમ આવી! એ તો સારું થયું, કોઈનું ધ્યાન નહોતું ત્યારે મેં એને ઢંઢોળીને કહ્યું કે, તરાં નસ્કોરાંનો અવાજ આવે છે. શિવાનીએ આ સાંભળતા જ કંઈક ખુશ થઈને કહ્યું, હેં ? માને ઊંઘ આવે છે? એ ભાગીને બેડરૂમમાં લઈ જઈ ધીમે ધીમે માથે હાથ ફેરવી એણૈ માને સુવડાવી. થાક, ઉજાગરા અને રડી રડીને થાકેલી માની આંખો ઘડીભરમાં મિંચાઈ ગઈ. શીલા ધમધમાટ કરતી આવી, શિવું! મેં તને માને જગાડવાનું કહ્યું ને તેં તો એને સુવડાવી દીધ!

શિવાનીએ રૂમનું એ.સી. ચાલુ કર્યુંને ધીમેથી શીલાને બહાર લઈઇ આવીને કહ્યું, આઠ આઠ મહિનાથી માએ ધરાઈને બે ટંક ખાધું નથી ને રાતોની રાતો સૂતી નથી. આજે એ શાંતિની નીંદર માણે છે ત્યારે હું પ્રભુને પ્રાર્થના કરીશ કે, માને નિરાંતે ઊંઘનું વરદાન આપે. બલ્કે, હું તો કહીશ કે, મારા ભાગની નીંદર પણ માને મળે. બોલતા બોલતા શિવાનીનો કંઠ ભરાઈ આવ્યો.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી - પ્રવૃત્તિઓની ઝાંખી - ૨૦૧૪-૧૫

પ્રિય જ્ઞાતિજનો,

અમારા વિતેલા એક વર્ષ દરમ્યાન (૨૦૧૪-૧૫) નીચે મુજબની પ્રવૃત્તિઓ કરેલ છે જે તમે અમારા જ્ઞાતિદીપમાં વાંચી હશે તેમજ ફોટાઓ દ્વારા જોઈ હશે. અમે આ પ્રવૃત્તિઓ અમારા નજીકના પરા જેમ કે દીવા-ઠાકુરલી-કલ્યાણ-વિઠ્ઠલવાડી-અંબરનાથ-શહાડ-બદલાપુર સુધી કરીએ છીએ.

- શૈક્ષણિક ઉપકરણો - કમ્પાસ/દફ્તર/યુનીફોર્મનું વિતરણ જેનો ૧૫૦ જણે લાભ લીધો.
- નોટબુકો ૩૫૦ વિદ્યાર્થીઓને ૭૦ ટકા ડીસ્કાઉન્ટમાં આપેલ.
- સ્કુલ/કોલેજમાં ભણવા બહાર ગામ જતા વિદ્યાર્થીઓને રેલ્વે/બસ પાસ ફ્રી. ૫૦ જણે લાભ લીધો
- ટ્યુશન માટે બે નામાંકિત ક્લાસ સાથે સંલગ્ન, ફીમાં ૪૦ થી ૫૦ ટકા ડીસ્કાઉન્ટ
- ધો. ૧ થી ધો. ૯ સુધી શૈક્ષણિક સ્કુલ ફી તથા પાઠ્યપુસ્તકોનું વિતરણ - ૧૦૦ જણે લાભ લીધેલ.
- મેડિકલ તેમજ સાધર્મિક સહાય રૂા. ૫૦૦ થી રૂા. ૩૦૦૦ (ફંડની ઉપલબ્ધી પ્રમાણે) ૨૫ જણને સહાય
- મેડિકલ કેમ્પ ૧૯૭ જણાને મેડિકલ ચેક-અપ (નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના સહયોગથી)
- આપણા જ્ઞાતિજનોની સામાજીક તથા વ્યક્તિગત સમસ્યાનું નિરાકરણ
- મંડળમાં ચાલતી ધાર્મિક પાઠશાળામાં ૫૦ થી વધુ બાળકો ધાર્મિક અભ્યાસ કરે છે.
- વિવિધ હરીફાઈઓ/રમત ગમતો/સાંસ્કૃતિક/કલ્ચરલ પ્રોગ્રામો - ૩૫૦ જણે ભાગ લીધેલ.
- સિલાઈ મશીન વર્ષ દરમ્યાન ૪ બહેનોને આપવામાં આવેલ
- મુંબઈ મહાજન, ઉત્કર્ષ ટ્રસ્ટ, વિદ્યાર્થી સંઘ, સ્વાસ્તિક ગ્રુપ, યંગ સ્ટાર ગ્રુપ તથા દરેક સંસ્થાઓ સાથે સાથ સહકાર
- વરસાદની સીઝનમાં રૂા. ૫૦ ના દરે છત્રીઓનું ૨૦૦ જણને વિતરણ
- રૂા. ૨૨૦૦ વાળી સામાજીક સુરક્ષા રૂા. ૨૦૦માં ૪૦ જણને કરાવી આપેલ
- જાન્યુ. ૧૫ થી સ્વરોજગાર યોજનામાં ૪ જણાને લોન આપેલ. (આ યોજના હમણાજ ચાલુ કરેલ છે.)
- માઈનોરીટીના લાભો વિષે પરિસંવાદ ગવર્નમેન્ટનાં પદાધીકારીઓ સાથે વાર્તાલાપ. ૧૦૦ જણની હાજરી
- રાહત દરે મેડિકલ તથા અન્ય પ્રસંગે લગતા સાધનો - તલવાર/ઘોડીયું/પલંગ/સાફા/દાંડીયાની ઉપલબ્ધી
- કચ્છમાં પાંચ પાંજરાપોળોને દરેકને રૂા. ૧૨૦૦૦ નું અનુદાન
- મુંબઈ તથા પરામાંથી ૧૨ ટીમોનું ભવ્ય ક્રિકેટ આયોજન - ૨૫૦ જણની હાજરી
- રંગ પંચમી રંગોત્સવ - બાળકો સાથે વાલીઓ મળીને ૪૦૦ જણે ભાગ લીધેલ
- વેબસાઈટ ડેવલપ કરી ફોર્મ, મેમ્બરશીપ, પરિપત્રક વાચકના નામો, જ્ઞાતિદીપ ઓનલાઈન
- પર્યુષણ દરમ્યાન ૮ દિવસ માટે સામાયિક માટે હોલની વ્યવસ્થા
- ૨૦૧૩-૧૪ નું ઓડીટ તથા ૨૦૧૪-૧૫નાં હિસાબો તૈયાર - ટુંક સમયમાં ઑડીટ
- બે દિવસીય ચૈત્ય પરીપાટી ''તીથલ'' ત્રણ બસ દ્વારા ૧૫૦ જણ - ફક્ત ૭૫૦ માં
- બે દિવસીય ચૈત્ય પરીપાટીમાં જ્ઞાતિદીપ વાટપ કરતા સ્વયંસેવકોને ફ્રી યાત્રા
- વાર્ષિક સ્નેહ મિલન - જમણ તથા તપસ્વી-બહુમાન અને વિવિધ ઈનામોને સન્માનો - ૨૦૦૦ ની હાજરી
- મહાકાલી માતાજીની ''ભવ્ય ભાવના'' સંગીત કલાકારો સાથે સાંજે જમણ - ૮૫૦ જણ

દર બુધવારે તથા રવિવારે મંડળમાં અમારી સતત હાજરી, જેની નોંધ પરિપત્રકમાં છપાય છે. આ બધુ કાર્ય મારી સંપુર્ણ ટીમની સાથે સાથે દાતાશ્રીઓના સાથ અને સહકારથી થાય છે. આ કાર્યમાં દાતાઓ વધુને વધુ દાન આપે અને અમે એનો સદુપયોગ કરી જ્ઞાતિનાં સારા કાર્યો કરીશું.

*લી.*

★ પ્રમુખ - **રાયચંદ જીવાણી** ★ ઉપ-પ્રમુખ - **અજય શિયાડ** ★ સેક્રેટરી - **હરિશ શિયાડ**

## સકારાત્મક બાળ ઉછેર

વનિતા



વિશ્વ

**બાળકને તમારી સમસ્યાઓથી દૂર રાખો. તેની સામે તમારા ઝઘડા ન કરો, બાળકની સામે વ્યસન ન કરો. તમારા કામનો ગુસ્સો, ફ્રસ્ટ્રેશન બાળક ઉપર ન ઉતારો. બાળક પર ખરાબ અસર થઇ શકે છે.**

અનુભવ શ્રેષ્ઠી શિક્ષક છે. અનુભવ આપણાં બાળકોને ઉચ્છેરવામાં મદદ કરે છે. બાળકોને સારી રીતે ઉછેરવા માટે ઘણુ બધું શીખવા માટે છે.

ભૂલ દરેક વ્યક્તિ-દરેક બાળકથી થઇ શકે છે, માટે ચિંતા ના કરા. મોટા ભાગે માતાની વધારે પડતી ચિંતાની બાળકના મન ઉપર સીધી અસર પડે છે. માતા જેટલી માનસિક રીતે સ્વસ્થ, બાળક પણ એટલું જ સ્વસ્થ. માતાપિતાના સંબંધોની બાળકનાં વર્તન-વાણી ઉપર સીધી અસર પડે છે.

તમારા કામ બાળકો પાસે ન કરવા બાળક તમારી અધુરી ઇચ્છાઓ પૂરી કરવાનું માધ્યમ નથી. માટે તમારી ઇચ્છાઓ બાળક ઉપર ન થોપો. મહાન વિચારક ખલીલ જિબ્રાને કહેલું તેમ, તમે તમારાં બાળકોનાં ટ્રસ્ટી છો, માલિક નથી. માટે તમે જીવનમાં જે ન બની શક્યા, તે તમારા બાળકને બનાવવાનો દુરાગ્રહ ન સેવશો. તેને તેનાં રસ-રુચિ-આવડત પ્રમાણે આગળ વધવા દો.

તમારાં વાલીએ બાળપણમાં તમારી સાથે કરેલી ભૂલા, તમારાં બાળક સાથે રિપીટ ન કરો. તમારાં માતા-પિતાને પ્રેમપૂર્વક રાખો. તેમને માન-સન્માન આપો, બાળક તમારા વર્તનને જઅનુસરશે.

શાંતિથી તમારી વાત જણાવો. બાળકોને શાંતિથી ધ્યાન દઇને સાંભળો. બાળકને પોતાના મનન દરેક વાત કરવા માટે પ્રોત્સાહિત કરે.

બાળકને પૂરતો સમય આપો-ક્વોલિટી ટાઇમ આપો. તેમને ગમતી પ્રવત્તઅત્તિ પણ કરો.

બાળકને ભરપૂર પ્રેમ આપો. બાળકની દરેક જરૂરિયાત પૂરી કરો. પરંતુ ખોટી જીદ નહીં અને વધારે પડતો લાડ ન લાડવો.

'ના' સારી રીતે પણ પાડી શકાય છે. ગમે તે પરિસ્થિતિમાં બાળક ઉપર હાથ ના ઉઠાવો. તરછોડો નહીં. તમને ન ગમતી પ્રવૃત્તિ જો બાળક કરે, તો પણ તેનું અપમાન ન કરો. બાળક સાથે ધીરજપૂર્વક વર્તવું જરૂરી છે. બાળકને સમજાવો, ખીજાશો નહીં.

બાળકની મર્યાદા સ્વીકારો. બાળક અભ્યાસમાં નબળું હોય, તેથી તે જિંદગીમાં કંઇ ન કરી શકે એવું જરાય નથી. ભણવું-અભ્યાસ જરૂરી છે. પરંતુ તે એક માત્ર જિંદગી નથી. બીજા બાળક સાથે તેની સરખામણી ન કરા. દરેક બાળક અલગ છે. તેનરી જરૂરીયાત અલગ છે. તેની આવડત અલગ છે. તેની આવડત અલગ છે.

દરેક નાની સફળતા માટે તેમને પ્રોત્સાહિત કરો. બાળકનો આત્મવિશ્વાસ પણ વધશે.

તેમને સહેસૂસ કરાવો કે તેઓ કુટુંબનો અનિવાર્ય ભાગ છે. તેમને નાની-નાની જવાબદારીઓ સોંપો.

બાળકને તેનું કામ જાતે કરવા પ્રોત્સાહિત કરો. બાળકને લાગવું જોઇએ કે હું પણ સારું કામ કરી શકું છું. હું બીજાં લોકોનો વિશ્વાસ કરી શકું છું. મારી આજુબાજુના લોકો મને જરૂર પડે ત્યારે, મદદ કરી શકે છે.

કોઇ કામ કરવા માટે બાળકને ઓર્ડર ન કરો, તેમને ઓપ્શન્સ આપો.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

તેમને શું ગમે છે કે નથી ગમતું, તેનું ધ્યાન રાખો. બાળકને સ્વતંત્રતા આપો. બાળકનું શિડ્યુલ પેક ન રાખો બાળકને ફ્રી ટાઇમ આપો, જેમાં તે પોતાને ગમતી પ્રવૃત્તિ કરી શકે.

બાળકને બીજાં બાળકો સાથ મિત્રતા કેળવવાનું સૂચવો. બીજા બાળકોને પણ માન આપવા સમજાવો. પોતાનાંથી નાન બાળકનું ધ્યાન રાખવાનું સૂચવો. તેમને મારવું નહિ, એમ પ્રેમથી સમજાવો.

તમારા બાળકને આલિંગન આપો. મહેસૂસ કરાવો કે તેઓ એકલાં નથી. ભૂલનો અહેસાસ થવા પણ એટલું જ જરૂરી છે એવું બાળકને સમજાવા. માત્ર તમારા એકલાની જ ભૂલ છે, એવું દરેક વખતે જરૂરી નથી. એવું સાબિત નથી થતું; એમ બાળકને સમજાવો. ભૂલનું પરિણામ દરેક વખતે ભયાનક કે નિષ્ફળતા જ હોય, એવું જરૂરી નથી -એવું બાળકને સમજાવો.

બાળકને ડિસિપ્લિન શીખવાડો. પરંતુ તે માટે તેના પર જોર-જબરદસ્તી કરશો નહીં. તેના પર હાથ તો હરગિજ ઉપાડશો નહીં. બાળકને પોતાના ગુસ્સાને કાબૂમાં કેવી રીતે રાખી શકાય, તે સૂચવો. બાળકને પોતાની સહનશક્તિ વધારવા માટે કેળવા. દરેક વસ્તુમાં 'ચાલશે, ફાવશે, ભાવશે, ચલાવી લઇશુ', એવો અભિગમ શીખવાડો. આવનારી તકલીફોની તૈયારી કરાવો.

*(ક્લિનિકલ સાઇકોલોજિસ્ટની સલાહ)*

## મહિલા માટે સ્માર્ટ સિક્યોરિટી ડિવાઇસ 'આર્મહર'



સ્ત્રીની સુરક્ષા અને સલામતીની ખાતરી રાખતી નાવીન્યપૂર્ણ સ્ટાઇલિશ ફેશન એસેસરી આર્મહરનું તાજેતરમાં લોન્ચિંગ થયું હતું. આર્મહર મુશ્કેલ સ્થિતિમાં રહેલી મહિલઓ અન્યોને જાણ કરી શકે તે માટેનું વન-પ્રેસ અલર્ટ બટન છે.

આ બટન બ્લુટૂથ મારફત કોઇ પણ મોબાઇલ ફોન સાથે કનેક્ટ કરી શકાય છે. તે કી ચેઇનની જેમ રાખવામાં અત્યંત સુવિધાજનક છે. મુશ્કેલ સ્થિતિમાં રહેલી મહિલા તેના સ્માર્ટ ફોનને સ્પર્શ કર્યા વિના સ્વિચ દબાવી શકે છે. આનાથી પાંચ એસએમએસ અને પાંચ મેઇલ તેના પૂર્વ પસંદગી કરેલા કુટુંબી સભ્યોને હું મુશ્કેલીમાં સપડાઇ છું મને મદદ કરો.

એ સંદેશ પંહોચી જાય છે. આ સંદેશ સાથે તે સ્ત્રીનું ગુગલ મેપ સ્થળ, તારીખ અને પાંચ મેઇલ તેના પૂર્વ પસંદગી કરેલા કુટુંબી સભ્યોને હું મુશ્કેલીમાં સપડાઇ છું મને મદદ કરો. એ સંદેશ પહોંચી જાય છે. આ સંદેશ સાથે તે સ્ત્રીનું ગૂગલ મેપ સ્થળ, તારીખ અને સમય પણ કુટુંબીઓને મળે છે. ઉપરાંત ફેસબુક પર પણ અપડેટ થાય છે.

આ સાહસના આગામી તબક્કામાં પોલીસ નિયંત્રણ કક્ષ સાથે જોડાણ કરવાનો વિચાર છે, જેથી તાત્કાલિક પગલાં લઇ શકાય.

આવી સેવાઓ આપતા મોબાઇલ એપ હાલમાં છે, પરંતુ કટોકટી દરમિયાન ગુનેગાર મહિલાને મોબાઇલ ફોનના ઉપયોગ કરવાના દે. વળી, સંદેશ મોકલવા માટે તે આવો પ્રયાસ કરે તો ગુનેગાર ક્રોધિત થઇ વધુ હિંસા આચરી શકે છે.

સાથી વિપરીત આર્મહર નાનું ડિવાઇસ છે, જે કી ચેઇન કે સ્ત્રીની હેન્ડબેગના હેન્ડલ સાથે જોડી શકાય છે, જેનાથી તેનો ઉપયોગ અત્યંત આસાન બની જાય છે.

આ પ્રોડક્ટ વિશેની વધુ જાણકારી www.arm-her.com પર મળશે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન - મુંબઈ ના નેજા હેઠળ ૩૫ વર્ષ પછી સાંધવ મહાજન અને શ્રી ભાંડુપ જૈન સંઘના સહયોગે હેતલબહેનના શ્રી હીરગુણાશ્રીજી રૂપે સંયમ અવતારનો પ્રસંગ શાસનદેવની કૃપાથી સારી રીતે સંપન્ન થયો અને ઐતિહાસિક બની રહ્યો એ ખુશીની વાત છે. *તન - મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN . JHARKHAND

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ દ્વારા ચૈત્રી બીજની ઉજવણી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ ચૈત્રી બીજીની ઉજવણી તેમજ શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના (દાતા શ્રીનારાણજી નરશી લોડાયા પરિવાર) તથા શ્રી ભલારાદાદાની સંધ્યા આરતી તેમજ શ્રી ધણીબાવા તથા શ્રી ભલારા દાદાના સમૂહ પાઠનું દિવસે રાખવામાં આવેલ. આ વર્ષે શ્રી ધણીબાવાના બીજના દિવસે રાખવામાં આવેલ. આ વર્ષે શ્રી ધણીબાવાના ભવિકોએ બંને પાઠના દાતા તરીકેનો લાભ લીધેલ. લગભગ ૩૦૦ જ્ઞાતિજનોએ ઉક્ત ભાવના અને પાઠમાં હાજર રહી સ્વરૂચી ભોજનનો લાભ લીધેલ.

## શ્રી મહિલા હિતવર્ધક મંડળ - હુબલી

શ્રી મહિલા હિતવર્ધક મંડળ - હુબલીની વાર્ષિક મીટીંગ ''વેલેન્ટાઈન્સ ડે''ના રોજ રાખવામાં આવેલ હતી. તેજ દિવસે સૌ. ગીતાબેન વિરેન્દ્ર છેડાની ૩૨મી લગ્ન વર્ષગાંઠ હોવાથી તેમના ઘરે 'આંગન પાર્ટી' રાખવામાં આવી હતી.

''આંગન મે ગીતોત્સવ'' ની પરિકલ્પના અને સંચાલન મંડળના સેક્રેટરી સૌ. ચેતના શરદ મોમાયા દ્વારા કરવામાં આવેલુ હતું. મંડળના પ્રમુખ સૌ. દિપીકા કમલેશ ખોનાએ સંસ્થાનો વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવેલ.

આંગનના પ્રવેશ દ્વારમાં રંગોલી કરીને દીવાઓનો ઝગમગાટ કરવામાં આવેલ હતો. ઝાડોને રોશનીથી સજાવવામાં આવેલ હતા. ઝાડો ઉપર ચોકલેટ, કેડબરીઝ, ગ્રેપ્સ, સ્ટ્રોબેરીઝ લગાડવામાં આવેલ હતી. ઝાડ ઉપર વેલેન્ટાઈન્સ ડે ની શુભેચ્છા લખેલ બલુન્સ લગાડવામાં આવેલ હતા. નેલ આર્ટ, મહેંદી, ટેટુ, હેઅર કલર, બંગડીઓ વગેરેના વિવિધ સ્ટૉલ્સ રાખવામાં આવેલ હતા.

સૌ. ઉષા મુલચંદ ખોના, ડૉ. મધુબાલા મણીકાંત લોડાયા અને સૌ. કાશ્મીરા પ્રદીપ પટેલે ગીતો ગાયા તેમજ સૌ. નિકીતા બીજોય મોમાયાએ કઠપુતલી નૃત્ય રજૂ કરેલ.

પાંચ પાંચ જણના એવા ત્રણ ગ્રુપ કરીને ગણેશ ઉત્સવની ઉજવણી કેવી રીતે કરશો એ વિષય આપી રસપ્રદ હરીફાઈ રમાડવામાં આવી હતી.

કાર્યક્રમ સૌ. ગીતાબેને સ્પોન્સર કર્યો હતો. આભારવિધી ઉપપ્રમુખ સૌ. હેતલ હીરેન છેડાએ કરી


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**


## પ્રથમ પુણ્યતિથી



જન્મ ૧૦/૭/૧૯૪૨ — અ.શ. ૨૨/૪/૨૦૧૪

**સ્વ. યશવંતી હિમ્મતલાલ રામજી ખોના**

રંગપુર - સિક્કા

તું હતી તો ઘર ખરેખર ઘર હતું મા! એક મીઠું આંગણે સરવર હતું મા!
ધોમ ધખતા તાપ સામે ઢાલ જેવું, એક સાથે વાદળું ઝરમર હતું મા!
સાવ ખાલીખમ હતું, પણ તું હતી તો, એમ લાગે ખોરડું પગભર હતું મા!
યાતના વચ્ચે મલકતું ને હરખતું, એ વદન હેતાળ ને મનહર હતું મા!
ફાયદા-નુકશાનનો હિસાબ શાનો તારું બસ હોવાપણું સરભર હતું મા!

*''પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અને સદ્‌ગતી આપે એવી પ્રાર્થના''*

લી. અ.સૌ. યોગીની - અજય હિમ્મતલાલ ખોના
ચિ. કપિલ હિમ્મતલાલ ખોના
ચિ. મેહુલ અજય ખોના
ચિ. કેવલ અજય ખોના
એવમ્ સમસ્ત ખોના પરિવાર

હતી. તે દિવસે હુબલી મહાજનના સર્વે પદાધિકારીઓને પણ આમંત્રિત કરવામાં આવેલ હતા.

સ્ટૉલના કાર્યકર્તા: પ્રિયંકા નાગડા (નેલ આર્ટ), ગુલાબબેન (મહેંદી), રેશમા મૈશેરી (હેઅર કલર), ભાવિકા નાગડા (ટેટુ) વગેરેને મંડળ તરફથી કવર અપાયેલ હતા. સૌ. સોનલ અજય મોમાયા તરફથી રૂા. ૫૦૦/- ની મંડળને ભેટ મળેલ હતી.

આંગન પાર્ટીના આયોજનને સફળ બનાવવા સૌ. દિપીકા ખોના, સૌ. ચેતના મોમાયા, સૌ. હેતલ છેડા, સૌ. ચેતના મોમાયા, સૌ. મધુબાલા લોડાયા, સૌ. ઉષા ખોના આદિએ સારી જહેમત ઉઠાવી હતી.

### ભાંડૂપમાં ધર્મ આરાધના

ભાંડુપમાં શ્રી જયંત રાહીના માર્ગદર્શનમાં નવકાર મંત્ર જાપનો મણકો સંપન્ન થયો. તે પ્રસંગે મુંબઈ મહાજનની ગત વ્યવસ્થાપક સમિતિના સભ્યો ઉપસ્થિત હતા.

અનંતનાથજી ટ્રસ્ટના ૩૧મી માર્ચે વિદાય લેનાર ટ્રસ્ટ બોર્ડ તરફથી શ્રી આદેશ્વર દાદા, પદ્મ પ્રભુ અને ચંદ્રપ્રભ સ્વામીને શુદ્ધ ચાંદીની આંગીઓ વાજતે ગાજતે ચડાવવામાં આવી.

ચૈત્ર માસની શાશ્વતી ઓળી પૂ.સા. શ્રી વિશ્વકીર્તિશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંપન્ન થઈ. પૂજ્યશ્રીએ શ્રીપાળ-મયણાંના આયંબીલ તપની વાત ખુબજ ઉંડાણથી સમજાવી. નવપદના હર પદનો મહિમા વર્ણવ્યો.

સિધ્ધચક્રની આરાધના કરાવી. માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા (સાંધવ) એ ઓળી સહ તપના પારણાં કરાવવાનો લાભ લઈ તપસ્વીઓની શાતા પૂછી પ્રભાવના કરી. નિત્ય ૩૫થી ૪૨ આરાધકોએ આરાધના કરી. અલગ અલગ પ્રભાવનાઓ સૌને રૂા. ૨૫૦ની મળી. શ્રીમતી મધુબેન લહેરચંદ ડાઘાના નેતૃત્વમાં શ્રી સંઘની શ્રાવિકા બહેનોએ વૈયાવચ્છ કરી. પારણાં કરાવવા મહાજનશ્રીના વર્તમાન મંત્રી શ્રી રમેશ હીરજી લોડાયા, ખજાનચી શ્રી અતુલભાઇ તેમજ અન્ય આઠ સભ્યોએ પધારી શાતા પૂછી પ્રભાવના કરી હતી.

લાભાર્થી પરિવારના શ્રી નરેશ લક્ષ્મીચંદ સોનીએ પણ પ્રભાવના કરી હતી. શ્રી સંઘ તરફથી લહેરચંદ મૈશેરીએ પધારેલ સૌનું ભાવભીનું સ્વાગત કર્યું અને દીક્ષાર્થી હેતલ ખોના તથા નેહલ બહેને પણ મહાજનશ્રીના સર્વ સભાસદોને બીરદાવી સ્વાગત તિલકે આવકાર્યા.

શનિવાર ૪ એપ્રિલ ૨૦૧૫ ના પૂ.સા.શ્રી. વિશ્વલતાશ્રીજી મ.સા. આદિઠાણાઓની નિશ્રામાં મહાજનશ્રીના વર્તમાન પ્રમુખ શ્રી કલ્પેશ મોતા અને દ્વિતીય ઉપપ્રમુખ શ્રી લેરીન ખોનાના હાથે દીક્ષાર્થી હેતલબેનની દીક્ષા - આમંત્રણ પત્રિકા ઉપર નામોલ્લેખ કરાવવામાં આવ્યા. બાલિકાઓ જિનાંગી, જીયા, સ્તુતિ, ક્રિષા, કિંકલ, મૈત્રી વગેરેએ કેસર અને કંકુ છાંટણા કર્યા.

દીક્ષાર્થીને સ્વગૃહેથી ઢોલ શરણાઈથી વધાવી હર્ષોલ્લાસે ઉપાશ્રયે લાવવામાં આવેલ. સા.શ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા.એ માંગલિક સંભળાવી. પ્રાસંગિક પ્રવચન આપ્યું. શ્રી સંઘ તરફથી દીક્ષાર્થી હેતલબેનને શુભેચ્છક તિલક કરતાં શાલ, શ્રીફળ અને મોતીમાળથી તેમનું બહુમાન કરવામાં આવ્યું. મહાજનશ્રી અને શ્રી સંઘે આદેશ્વર દાદા, મહાકાલી મા અને ક્ષેત્રપાળ દાદાને દીક્ષા મહોત્સવની પત્રિકાએ આમંત્ર્યા. શ્રી સંઘે મહાજનશ્રીને પણ દીક્ષા મહોત્સવની આમંત્રણ પત્રિકા આપી.

કેટરર્સ ફાઈવ સ્ટાર્સે ૧૨૦ જણની નવકારશીનો લાભ લીધેલ. તેમના પરિવારે પ્રભાવના કરી.

ચૈત્રી પુનમના સા.શ્રી વિશ્વકીર્તિશ્રીજી મ.સા.ની નિશ્રાએ શત્રુંજય તીર્થ પટ સમક્ષ ૧૦૮ ખમાસણાંની


**ઘર ભાડે આપવું છે**

**કાંજુરમાર્ગ, કોમ્પલેક્ષમાં, 1 R.K.**

**ફૂલી ફર્નિશ્ડ, ગેસ પાઈપ લાઈન,**

**ઘર વખરી (ફ્રિજ/ટી.વી./કબાટ) સાથે.**

**સંપર્ક : સુરેશ ધરમશી**

**Mobile : 093245 01333**



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સાડીઝ**

- સાદી/ડેસ્ટેડ કસબ અને ઝાંક કસબ સાડીઓ, ચણીયા ચોળી.
- સીલ્ક/ડેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

સંપર્ક : દિનેશ દેઢિયા 92234 25676

વિધિ થઇ. આ પ્રસંગે કુમાર દંડ તરફથી પ્રભાવના થઇ તેમજ ફાઇવ સ્ટાર કેટરર્સ તરફથી બુંદીનું ભાથું આપવામાં આવ્યું હતું.

**ભાવનગરના કચ્છી સમાજે ચૈત્રી નવરાત્રી ઉજવી**

ભાવનગરના કચ્છી સમાજે ચૈત્રી નવરાત્રી નિમિત્તે દેશદેવી માં આશાપુરામાં મંદીરે દરવર્ષ માફક વિવિધ કાર્યક્રમો તથા ચંડીપાઠ યોજ્યા હતા. ચૈત્રી નવરાત્રીની ઉજવણી પણ આસોની નવરાત્રીની જેમ ભાવપુર્વક થઇ હતી.

**અલ્લપઇમાં આયંબીલની ઓળી**

અલ્લપઇમાં ચાલુ સાલની ચૈત્ર માસની આયંબીલની ઓળી તેના કાયમી દાતા શેઠ શ્રી હીરજી નરશી કુરૂવા તથા અત્યારની ઓળીના દાતાશ્રી વિશાલ મધુકાન્ત નાગડા પરિવારના સહયોગથી યોજાઈ હતી. દાતા પરિવારોએ એકમના દિવસે સકળ સંઘને પણ પારણા કરાવેલ. કુલ ૨૯ આરાધકોએ આયંબીલની તપશ્ચર્યા પૂર્ણ કરેલ.

**અલ્લપઇના વાસુપૂજ્ય જિનાલયની વર્ષગાંઠ**

અલ્લપઈના શ્રી વાસુપૂજ્ય જિનાલયની ૨૧મી વર્ષગાંઠ અને ૨૨મી ધજાનો ઉત્સવ મહાસુદ ૧૦ ને ગુરૂવાર તા.૨૯-૧-૨૦૧૫ના ખૂબજ ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવેલ. ધજા ચડાવવાનો લાભ ૩૦૧૧ મણમાં શ્રી કુંવરજી ખેતશી મૈશેરી પરિવારે લીધેલ. સત્તરભેદી પૂજા ભણાવવા કોચીનથી શ્રી પ્રકાશભાઇ તથા ધર્મની જાણકાર બહેનો આવેલ.

બપોરના સ્વામીવાત્સલનું જમણ (કાયમીદાતા) શેઠશ્રી શામજી નરશી કુરૂવા કોચીનવાળા તરફથી તથા સવારના નવકારશી અને રાત્રે આંગી અને ભાવના શેઠ શ્રી માનચંદ દીપચંદ પરિવાર તરફથી હતી.

**ધુલિયાની શ્રીજી ઇંગ્લિશ મિડિયમ શાળામાં ભગવાન મહાવીર જયંતિની ઉજવણી તેમજ દસમીના વિદ્યાથીઓનો વિદાયમાન**

ધુલિયાના શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડિંગ સંચાલિત શ્રીજી ઇંગ્લિશ મિડિયમ શાળાંનાં વિદ્યાર્થીઓએ તા.૩૦ માર્ચ ના રોજ ભગવાન મહાવીર જયંતિની આગોતરી ઉજવણી કરી. આ સાથે શાળાનો અભ્યાસ પૂર્ણ કરનારા દસમીના વિદ્યાર્થીઓને સમારંભપૂર્વક વિદાયમાન આપવામાં આવ્યું.

આ પ્રસંગે શિતલનાથ જૈન સંસ્થા - ધુલિયાના માજી ટ્રસ્ટી તેમજ સેક્રેટરી શ્રી વિરેન્દ્રભાઇ સી. શાહે દિપપ્રજ્જવલન કર્યું. નવકાર મહામંત્રથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ આયોજનને સંસ્થાના અધ્યક્ષ પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગરજી શ્રીજી મહારાજ સાહેબ તેમજ સંસ્થાના ચેરમેન શ્રી તિલકચંદ નરસીભાઈ દંડ (મલકાપુર)ના પ્રેરણાત્મક શુભસંદેશા પ્રાપ્ત થયા.

શાળાના પ્રિન્સીપલ શ્રીમતી રવનિત કૌર કોહલીએ કાર્યક્રમની પ્રસ્તાવના કરી. આ પ્રસંગે મુખ્ય અતિથીરૂપે વિરેન્દ્રભાઈ શાહ, જીવનબેન નાગડા મુંબઈથી અને શાળાના વાઈસ ચેરમેન શ્રી ચંદ્રકાંત શાહ, મંત્રી સૌ. કાન્તાબેન શાહ તેમજ અધ્યાપક, શિક્ષકો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

**ભુજમાં મહાકાળી ભાવના**

ભુજમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી - ભુજનાં ઉપક્રમે શ્રી મણીકાન્ત મોતીચંદ લોડાયા તથા હેમંત ભવાનજી વીકમશી પરિવારો દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના એકમ-ભવન ભુજ મધ્યે રાખવામાં આવેલ. ભાવનામાં યુવક મંડળ અને મહિલા મંડળનાં ભાઇ-બહેનોએ રમઝટ જમાવેલ. બંને પરિવારો દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

(વધુ સમાચાર પાના નં. ૨૬ ઉપર)

**કચ્છનું નર્મદાનીરનું સપનું અંતે સાકાર: જોકે અત્યારે માત્ર વાગડ વિસ્તારને જ લાભ મળશે, આખા કચ્છને લાભ મળવો જોઈએ એવી કિસાન સંઘની માગણી**

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નાની હમીરપર પંપિંગ સ્ટેશન ખાતે બટન દાબી નર્મદાના જળ ફતેહગઢથી જેસડા તરફ વહાવ્યા, આવી રીતે કચ્છને સિંચાઈ માટે નર્મદાના નીર મળે તેવું સ્વપ્ન સાકાર થયું.

નર્મદાના નીર ફતેહગઢ પંપિંગ સ્ટેશનથી બે પમ્પો દ્વારા આગળ જશે. અહીં ૬૦ ફુટથી દર સેકંડે ૭૮,૦૦૦ લીટર પાણી માંજુવાસ તરફ જશે જે આખા કચ્છને ટુંકમાં ઉપલબ્ધ થશે.

**જગ્યા ભાડે આપવાની છે**

**મલાડ (વેસ્ટ)માં માર્વે રોડ નજીક, બીલ બોંગ સ્કુલની પાસે, એકતા નગર ભુમિ પાર્ક ટાવરમાં આવેલ 1 BHK જગ્યા આકર્ષક શરતોએ ભાડે આપવાની છે.**

**સંપર્ક : 097698 13826**

**નવા/બદલાયેલા સરનામા –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મણીલાલ માણેકજી લોડાયા**<br>(એમ. એમ. જૈન) | માઉન્ટ વ્યુ, ૨૦૨ યોગી હીલ, સ્વપ્ન નગરી પાસે,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **શાંતિલાલ એન. શાહ** | દેવ મંગલ કો-ઑપ.હૉ.સો., બી વીંગ, બ્લોક નં. ૧,<br>દેવીદયાલ ગાર્ડન પાસે, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦<br>પ્રભાબેન - ૯૩૨૨૨ ૬૯૩૯૦, શાંતિલાલ - ૭૫૦૬૩ ૮૮૬૮૮<br>ડિમ્પલ - ૯૯૨૦૩ ૯૮૮૭૦ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૧૦-૧૪ | મુલુંડ | અરિષ્ઠા ખિરેશ લલીત હિરાચંદ દંડ | છાડુરા | પુત્રી |
| ૦૫-૦૨-૧૫ | ભિલાઈ | મિનૌલી / ભક્તિ ધવલ યોગેશ દંડ | મંજલ રેલડીયા | પુત્રી |
| ૧૦-૦૩-૧૫ | બેંગ્લોર | રૈના / જાસ્મીન સિધ્ધાર્થ અશોક ખોના | નલિયા | પુત્રી |
| ૨૦-૦૩-૧૫ | અંતરજાળ | દૃષ્ટિ / મેઘના વિપુલ જયચંદ છેડા | તેરા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૩-૧૫ | રાયપુર | જીગર સતીશ જવેરચંદ છેડા | સુજાપુર | ૨૬ |
| | બારસી | તેજલ સોમચંદ જીવરાજ નાગડા | નલિયા | ૨૪ |
| ૨૪-૦૩-૧૫ | સાંતાક્રુઝ | નિશાંત પંકજ હંસરાજ લાપસીયા | દલતુંગી | ૨૯ |
| | માટુંગા | હર્ષીની ભાઈચંદ કુંવરજી દંડ | ભરૂડીયા | ૨૯ |
| ૨૧-૦૪-૧૫ | ડોંબીવલી | હેમલ લહેરચંદ સોની | સાંયરા | ૩૧ |
| | વડોદરા | હર્ષા પ્રફુલ લોડાયા | તેરા | ૨૬ |

### આંતરજ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૪-૧૫ | ઘાટકોપર | હિતેશ જીતેન્દ્ર વિસનજી ખોના | સુખપરીયા-તેરા | ૨૬ |
| | લાલબાગ | દિપીકા નંદલાલ રતિલાલ જાદવ | ભાદરોદ | ૨૬ |
| ૨૧-૦૪-૧૫ | ગોરેગામ | સંકેત કીર્તીભાઈ કુંવરજી દંડ | ભરૂડીયા | ૩૨ |
| | ગોરેગામ | સ્મૃતિ સુધીર ભાર્ગવ | કાનપુર | ૩૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૪-૧૫ | હુબલી | લીલાવંતી ખેતસી ધનજી ખોના | નલિયા | ૮૧ |
| ૧૦-૦૪-૧૫ | ગદગ | ગુણવંતીબાઈ શાંતિલાલ ધરમશી | જખૌ | ૮૨ |
| ૧૮-૦૪-૧૫ | ડોંબિવલી | કવિતા ટોમેશ કાંતિલાલ નાગડા | જખૌ | ૪૬ |
| ૧૯-૦૪-૧૫ | મુલુંડ | વિજયાબાઈ મુલજી જેવત ધરમશી | સુથરી | ૮૮ |
| ૨૦-૦૪-૧૫ | ગોરેગામ | મણીબાઈ થોભણ ખીમજી દંડ | ભરૂડીયા | ૭૯ |
| ૨૧-૦૪-૧૫ | માટુંગા/ડોંબીવલી | ગુણવંતી દેવશી (ચીમનલાલ) ખેતસી ધુલ્લા | સુથરી | ૭૮ |

***ખાસ નોંધ: જ્ઞાતિ સંસ્થાઓ, જ્ઞાતિ અખબારો અને જ્ઞાતિજનો સાથે વ્યવહાર કરતી વખતે માત્ર શાહ કે જૈન જેવી ઓળખ પૂરતી નથી તમારી મૂળ નૂખ-અટક પણ સાથે લખવી જેથી લોકો તમને ઓળખી શકે.***

**યતિશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મ.સા.ના નવા મોબાઈલ નંબર નોંધવા વિનંતી**

**93734 51414 ના સ્થાને 94285 62526**

## શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારનાં કુળદેવી શ્રી સચ્ચાઇ માં ની સમુહ પહેડી સંપન્ન

શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારના કુળદેવી સચ્ચાઈમાંની દ્વિતીય સમુહ પહેડી તા. ૧૧-૪-૨૦૧૫ શનિવારે કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ ખાતે ભવ્યાતિભવ્ય, આનંદ-ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવી જેમાં લોડાયા પરિવારનાં દેશ-દેશાવર, બહારગામ તેમજ સમગ્ર મુંબઈથી આવેલા ભાવિકોએ દર્શન - પહેડીનો લાભ લીધો હતો. શ્રી સચ્ચાઈ માં સમુહ પહેડીમાં મુખ્ય દાતાશ્રી અને સહયોગી દાતાશ્રીઓએ ખુબજ ભાવ અને શ્રદ્ધાપૂર્વક પહેડી, પ્રસાદ, આરતી વગેરેનો લાભ લીધો હતો.

આમંત્રિત મહેમાનો અને ક.દ.ઓ. અગ્રણી તેમજ ડુમરા મહાજનનાં અગ્રણીઓએ પધારી શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. મનગમતું રસથાળ પીરસવાનો મે. ફાઈવસ્ટાર કેટરર્સ તેમજ મે. ધનરાજ ડેકોરેટર્સને ડેકોરેશન સેવાનો લાભ મળ્યો હતો.

શ્રી સચ્ચાઇ માં સમુહ પહેડી સમિતીના આગેવાનો અને કાર્યકર્તાઓએ પહેડીને યશસ્વી બનાવવા ખાસ જહેમત લીધી હતી.

*(તસ્વીરો સામેના પાને)*

---

**સમાચાર વિભાગ :** પાના નં. ૨૪ થી ચાલુ

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા આયોજિત વાછરાદાદાની પહેડી

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા સાંધવ ગામના વાછરાદાદાની પહેડી પ્રસાદ તા.૧૨-૪-૧૫ ના ભાંડુપના જૈનમ હૉલમાં રાખવામાં આવેલ. પહેડી પ્રસાદનો લાભ સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી (જૈન) ધરમશી પરિવાર (કોઠારા-મુલુન્ડ) એ લીધેલ.

પાલીતાણાથી આવેલા કૌશીક બારોટ, સાહેદા મીર અને શ્યામ ગઢવીએ વાછરાદાદાના ભક્તિ ગીતોથી સારી એવી રમઝટ જમાવેલ. દાદાની ડાક વગાડનાર ડાકલીયા કચ્છથી પધારેલ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનાં કાર્યકર્તાઓએ આયોજનને સફળ બનાવવા માટે ખુબ જહેમત લીધી હતી.

### લોનાવાલામાં ગુરુ-ભગવંતોનું આગમન

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નાં આજ્ઞાનુવર્તીની શાસનપ્રભાવિકા પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.નાં સુશિષ્યા પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા. ગદગમાં ભક્તિસભર ચાતુર્માસ સંપન્ન કરીને હુબલી, શિરસી, કુમઠા, ગોવા, રત્નાગિરી જેવાં સ્થળોએ શાસન પ્રભાવના કર્યા બાદ આ વર્ષના ફેબ્રુઆરીના અંતમાં લોનાવાલા પધાર્યા હતાં. ગુરુ-ભગવંતોની પધરામણીથી સર્વે જ્ઞાતિજનો આનંદિત થયા હતા. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલય અને ઉપાશ્રય વલવનમાં એક મહિનાથી વધારે સમય સુધી સ્થિરતા કરી હતી. જિનાલયના કાર્યકર્તાઓ ઉપરાંત પાંચેય ઘરના સર્વે જ્ઞાતિજનોએ ગુરુ-ભગવંતોની સેવાનો લાભ લીધો હતો.

હેમંતભાઈ મોતાએ પૂજ્યશ્રી માટે લોનાવાલાના જિનાલયોનાં દર્શનનું આયોજન કર્યું હતું. પૂજ્યશ્રીએ ખમાવંતીબહેન મોમાયા, નિર્મળાબહેન મોમાયા તથા હેમંતભાઈ મોતા, રમેશભાઈ મૈશેરીના નિવાસસ્થાને પગલાં કરીને માંગલિક સંભળાવ્યું હતું. કપોળ સેનેટોરિયમમાં પ્રશાંતભાઈ મોતા પરિવારે નવકારશીનો લાભ લીધો હતો. વ્યાખ્યાનમાં સૌએ રસપૂર્વક હાજરી આપી હતી.

### ગોએરસમા-બારોઈ મધ્યે ધ્વજા મહોત્સવ

પ.પૂ.સા.શ્રી જ્યોતિકળાશ્રીજી મ.સા. આદિઠાણા બેની પાવન નિશ્રામાં અને નવકાર મંત્ર આરાધક સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઇ નંદુના વિધિ વિધાન એવમ માર્ગદર્શન હેઠળ લગભગ ૧૦૦ થી વધુ સંખ્યાની હાજરીમાં તા. ૦૫-૦૩-૨૦૧૫ ના અઢારઅભિષેક અને તા. ૦૭-૦૩-૨૦૧૫ ના સત્તરભેદી પૂજા સાથે પુનઃપ્રતિષ્ઠાબાદ આઠમી ધ્વજારોહણનો મહોત્સવ ખુબજ ધામધુમપુર્વક અને ઉત્સાહભેર ઉજવાયેલ.

બારોઇના કાયમી ધ્વજારોહણાના લાભાર્થીદાતા શ્રી કાંતિલાલ ખીમજી ગોસર (બારોઇ) મુંબઇવાળા પરિવાર અને ગોએરસમાના ધ્વજા રોહણના લાભાર્થીદાતા માતુશ્રી દમયંતીબેન જવેરચંદ ધનજી ડાઘા (ગોએરસમા) ગુલાબપુરાવાળા પરિવાર રહેલ.

# શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારનાં
# કુલદેવી શ્રી સચ્ચાઈ માં સમુહ પહેડી સંપન્ન



**શનિવાર,**
**તા. ૧૧-૪-૨૦૧૫,**
**કાલીદાસ ઑપન ગ્રાઉન્ડ,**
**મુલુંડ (વેસ્ટ), મુંબઈ**



























C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# હાર્દિક અભિનંદન

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને સાધારણ ફંડનું ટ્રસ્ટના વર્ષ ૨૦૧૫ -૨૦૨૦ માટે ટ્રસ્ટી તરીકેની નિમણુંક બદલ



## શ્રી બીપીનભાઈ પાર્શ્વીરભાઈ નાગડા

(ગામ-રંગપુર, હાલ-મુલુંડ) • વ્યવસાય : વીમો (ભીવંડી)

શ્રી બીપીનભાઈને હાલમાંજ ગયા વર્ષે રંગપુર ગૌરવ એવોર્ડ શ્રી રંગપુર જૈન સંઘ વતી અપાયેલ તેમજ આ વર્ષે ગીરનાર એવોર્ડ LIC ઈન્સુરન્સ ક્ષેત્રે મળેલ છે. તેમના ધાર્મિક અને સામાજીક કાર્યોની સુવાસ ચોમેર ફેલાયેલી છે. શ્રી બીપીનભાઈ હજી ખૂબજ સારા કાર્યો કરી આગળ વધે તેવી શુભેચ્છા સહ અભિનંદન.

**શ્રી હિરેનભાઈ નવીનચંદ્ર લાપસીયા (રંગપુર - મસ્જીદ બંદર)ને પણ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના વર્ષ ૨૦૧૫-૨૦૨૦મા કારોબારી સભ્યે નિમંત્રિક થવા બદલ હાર્દિક અભિનંદન.**

લી.

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ વતી**



પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ - ટ્રસ્ટી)
રમેશ દેવચંદ વોરા (ઉપપ્રમુખ - ટ્રસ્ટી)
અશોક લાલજી લાલકા (ખજાનચી - ટ્રસ્ટી)
કાંતીલાલ માણેકજી નાગડા (સહ માનદ્ મંત્રી)
ગુલાબચંદ ત્રીકમજી નાગડા (સ્થાનિક ટ્રસ્ટી)
લહેરચંદ ચંપકલાલ ધરમશી (સ્થાનિક ટ્રસ્ટી)



UPASANA - 9820167767

**તેમજ કારોબારી સભ્યોના જય જીનેન્દ્ર !**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**